સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

જૂલાઈ - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે હજારો ભક્તસમુદાય ઉપસ્થિતીમાં યોજાયેલ
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણારવિંદમાં સમર્પિત
શ્રી ગુરુપૂર્ણિમા પર્વ - ૨૦૦૯

Shree Swaminarayan Chintan, July - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી-પિતાશ્રીના દિવ્ય શ્રીચરણોમાં શીશ ઝુકાવી, હૈયું ઠાલવી વિરહાગ્નિની વેદનાના અશ્રુ વહાવી, અશ્રુધારાથી અભિષેક કરી ગુરુઋણ અદા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



'ભાવ્યં દીનેષુ વત્સલૈઃ' એ શિક્ષાપત્રીના સર્વજીવહિતાવહ સંદેશને ચરિતાર્થ કરવા, ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે સભામંચ ઉપર જ ગુરુસ્થાનેથી સૌપ્રથમ પોતાના અમૂલ્ય રક્તનું દાન કરીને સ્વાશ્રિતોને પરોપકારનું પ્રેરણા પાથેય પુરું પાડતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji
- છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦, પરેશ જાદુગર- આણંદ. મો. ૯૮૨૫૦૫૭૭૯૭

વડતાલ પીઠાધિપતી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપતિ સામયિક

# "શ્રી સ્વામિનારાયણ ચિંતન સામયિકનો પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ..."

"સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા સંસ્થાપતિ સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું તેમજ આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવતું અને જીવનનું અનેરું ઘડતર કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર-સરધાર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' સામયિકનો તા. ૨૦-૬-૨૦૦૫ના રોજ પ્રારંભ થયો હતો, તેનો આજે પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે દરેક સભ્યોને હાર્દિક શુભેચ્છા જય શ્રી સ્વામિનારાયણ..."

૫

શ્રી સ્વામિનારાયણ ચિંતન

પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ...



:: સંસ્થાપક ::          :: અધ્યક્ષ ::

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૧, તા. ૨૦-૦૭-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાપનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : chintansardhar@yahoo.in

## :: અનુક્રમણિકા ::

૧ ગુરુપૂર્ણિમા અવસરે વિજ્ઞાપના સમર્પણમ્ । ૦૫
- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ રસ એટલે શું ? ૦૬
- સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

(૧) શ્રૃંગાર રસ... ૦૮
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૨) હાસ્ય રસ.... ૧૨
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૩) કરુણ રસ.... ૧૬
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૪) રૌદ્ર રસ.... ૧૮
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૫) વીરરસ... ૨૦
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૬) ભયાનક રસ... ૨૨
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૭) બીભત્સ રસ... ૨૪
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૮) અદ્‌ભુત રસ... ૨૬
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

(૯) શાંત રસ... ૩૦
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ પંચ તત્ત્વ પોષે છે જેમ જક્તને, ગુરુ પોષે છે તેમ હરિભક્તને... ૩૧
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ નૂતન પ્રકાશનો.... ૩૨
- સંકલિત

**ખાસનોંધ :-** વ્હાલા ગ્રાહક ભક્તજનો ! આવતા ઓગષ્ટ મહિનામાં ટ્રેનયાત્રા હોવાથી ઓગષ્ટ-સપ્ટેમ્બરનો સયુંક્ત ચિંતન અંક મોકલવામાં આવશે. જેની દરેકે નોંધ લેવા વિનંતિ.

- તંત્રીશ્રી



# गुरुपूर्णिमाऽवसरे विज्ञापना समर्पणम् ।

मोक्षानन्दस्य वाञ्छा चेत् विस्तृते भवसागरे ।
आचार्यक्रमिकां नौकामारुह्य यान्तु चाऽभयम् ।।
तस्मात् पण्डितवर्याणामन्तिके चातिसादरम् ।
कायेन मनसा वाचा ज्ञायनेयं समर्पिता ।।

- સાધુ યોગેશ્વરદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

भवता मुकुटं मुकुटेन भवान्, भवता मुकुटेन विभाति पदम् ।
महता कुसुमं कुसुमेन नृगो, महता कुसुमेन विभाति भवान् ।।१।।

पयसा कमलं कमलेन पयः, पयसा कमलेन विभाति सरः ।
हरिणा च भवान् भवतेव हरिः, प्रभूतो भवता प्रथिताश्च वयम् ।।२।।

शशिना च निशा निशया च शशी, शशिना निशयेव विभाति नभः ।
भवता सुपदं सुपदेन भवान्, भवता सुपदेन विभाम वयम् ।।३।।

हरिणा च गिरा गिरया च हरिः, हरिणा गिरया च विभाति भवान् ।
भवता च सभा सभया च भवान्, भवता सभया च विभाम वयम् ।।४।।

मणिना वलयं वलयेन मणिः, मणिना वलयेन विभाति करः ।
भवतेव पिता जनकेन भवान्, भवता जनकेन विभाति नृगः ।।५।।

सुगुरुस्तु भवान् जननेन महान्, भवदीक्षणतोऽल्प जनिश्च महान् ।
भवदंशतयोत्तमवंशतया, ऽन्त्यभवः प्रथते न दधत् सुगुणान् ।।६।।

भवता पदपद्महता दृषदो, मणिनैकपदं सुहृदोऽप्यभवन् ।
भगवन्तमथाऽऽपुरपायशतं, प्रतिहत्य विबुध्य सदाऽऽर्यमतम् ।।७।।

गुरुभक्तियुतो गुरुणा मतिमान्, पदपद्मनतः सुजनैर्नतिमान् ।
गुरुकाञ्चनतोऽश्म सुरत्नपदं, सुजडो भजतेऽत्र सुसाधुपदम् ।।८।।

शुभतीर्थपदेषु धनं गृहिणां, मृदुगीतपदेषु च वेणुरवः ।
कठिनी श्रुतलेखविधौ शरणं, पथि मोक्षगतौ गुरूणां सुबलम् ।।९।।

विभवः खलु लौकिककर्मगतौ, गुरुपादयुगं परमार्थगतौ ।
हि पुरस्कृतवान् च गुरुं मतिमान्, कृतवान् सुकृतं च पुरस्सुगुणी ।।१०।।

सुमुखी तरुणी विधवा विफला, रमणी विधुरोऽपि पुमान् विफलः ।
स सुतो विफलो यदि नो पितरौ, सुसुतेन विनापि पिता विफलः ।।११।।

गुरुणा करुणेन विना पुरुषो, विपथोऽतितरां नितरां विफलः ।
गुरुणा हरिणेव वियोगकथा, विपथा परमार्थपथेऽत्र वृथा ।।१२।।

स्वमवेत्य भवच्चरणाम्बुरुहासवगन्धलवेन सुखाम्बुनिधिम् ।
भवता हरिणाऽऽदरिणोऽपि भिदां न विदुः विविशुः परमं तु पदम् ।।१३।।

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને

# ગુરુપૂર્ણિમા અવસરે વિજ્ઞાપના સમર્પણમ્ ।

**વંશવારસાગત રીતે ચાલી આવતી અણિશુદ્ધ આચાર્ય પરંપરારૂપી નૌકામાં બેસીને તમે વિસ્તૃત સંસારસાગરને પાર થઈ જાવ, અને સાથે અક્ષરધામમાં જવાની ઈચ્છા પણ પૂર્ણ કરો. પ.પૂ. આચાર્યશ્રીનું શરણ સ્વીકારવાથી અક્ષરધામમાં જવામાં તમને કોઈજ ભય નથી. એટલા માટે સર્વ વિદ્વાનોની સમક્ષ અને અત્યંત આદરની સાથે શરીર મન અને વાણીથી આ વિજ્ઞાપના સમર્પિત કરીએ છીએ કે...**

૧. આપ થકી લાલ પાઘ શોભી રહી છે અને લાલ પાઘ દ્વારા આપ શોભિ રહ્યા છો. આપ દ્વારા અને લાલ પાઘ દ્વારા આચાર્યપદ શોભી રહ્યું છે. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ શોભી રહ્યા છે. અને શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ શોભી રહ્યા છે. અને એ બંને સુપુત્ર લાલજીઓ દ્વારા સ્વયં આપ શોભિ રહ્યા છો !!

૨. જળ દ્વારા કમળ શોભે છે અને કમળ દ્વારા જળ શોભે છે, જળ અને કમળ દ્વારા સરોવર શોભે છે. તેમ ભગવાન શ્રીહરિ દ્વારા આચાર્યશ્રીની પ્રતિષ્ઠા થઈ અને આપ (આચાર્યશ્રી) દ્વારા ભગવાન શ્રીહરિની પ્રતિષ્ઠા થાય છે. ભગવાન શ્રીહરિ અને આપની પ્રતિષ્ઠા દ્વારા અમારી પ્રતિષ્ઠા વધી રહી છે.

૩. ચંદ્ર દ્વારા રાત્રિ શોભે છે અને રાત્રિ દ્વારા ચંદ્ર શોભે છે. ચંદ્ર અને રાત્રિ દ્વારા નભમંડળ શોભે છે. તેમ આપ દ્વારા આચાર્યપદ શોભે છે અને આચાર્યપદ દ્વારા આપ શોભી ઊઠો છો. આપ થકી અને આચાર્યપદ થકી અમે સર્વે શોભી રહ્યા છીએ.

૪. ભગવાન શ્રીહરિ દ્વારા શાસ્ત્રો શોભે છે અને શાસ્ત્રો દ્વારા ભગવાન શ્રીહરિ શોભે છે. ભગવાન શ્રીહરિ અને શાસ્ત્રો દ્વારા આપ શોભો છો. આપના દ્વારા સભા શોભે છે અને સભા દ્વારા આપ શોભો છો. આપ થકી અને સભા થકી ખરેખર અમે શોભીએ છીએ.

૫. મણિ દ્વારા સુવર્ણનું કડું શોભે છે અને સુવર્ણનાં કડાં દ્વારા મણિ શોભે છે. મણિ અને સુવર્ણનાં કડાં થકી હાથ શોભે છે. તેમ આપનાથી આપના પિતાજીની પ્રતિષ્ઠા વધી, પિતાજી દ્વારા આપની પ્રતિષ્ઠા થઈ, પિતાજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા આપની વિદ્યમાન આચાર્યતા સાથે લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની ભાવિઆચાર્યપદે પ્રતિષ્ઠા થઈ.

૬. આપ તો જન્મથી જ મહાન છો, પરંતુ આપની દૃષ્ટિ પડતાં શુદ્ર પણ મહાન બની જાય છે. આપનું શરણ સ્વીકારીને ચાંડાલ પણ વિખ્યાતિને પામે છે. પરંતુ આપના આશ્રયથી વિહીન (રહિત) એવા ગુણવાન પુરુષ પણ પ્રતિષ્ઠાહીન બને છે.

૭. આપ પથ્થર જાણી અમોને ઠોકર મારો કદાચ, તો આપની ઠોકરથી પથ્થર પણ રત્ન બની જાય છે. જડ પણ ચૈતન્ય બની જાય છે. આપના શરણને પામેલો જ આર્યમતને જાણી હજારો વિઘ્નોને ઉચ્છેદન કરી ભગવાન શ્રીહરિને પામે છે.



૮. અમે નમીએ છીએ તમને ત્યારે જગત વંદે છે અમને. ગુરુરૂપી સુવર્ણના સંબંધથી પથ્થર પણ શ્રેષ્ઠ રત્ન બની જાય છે. ગુરુભક્તિથી યુક્ત અવિદ્વાન-અબુધ માનવ પણ શીલવાન સાધુ બને છે, બુદ્ધિમાન બને છે.

૯/૧૦. ધન માધ્યમ બને છે તીર્થયાત્રાનું, બાંસુરી માધ્યમ બને છે સંસાર યાત્રાની, એમ ગુરુ માધ્યમ બને છે; મોક્ષયાત્રાના. ધર્માચાર્યને આગળ કરનાર હકીકતમાં પોતાના ધર્મગ્રંથ અને મોક્ષદાયક ધર્મને જ આગળ કરે છે. તે જ બુદ્ધિમાન અને ગુણવાન છે.

૧૧/૧૨. જેનો પતિ મૃત્યુ પામે એને **વિધવા** કહેવાય, જેની પત્ની મૃત્યુ પામે તેને **વિધુર** કહેવાય, જેના માતા-પિતા મૃત્યુ પામે તેને **અનાથ** કહેવાય, પુત્ર વગરના માતા-પિતાને **વાંઝિયા** કહેવાય છે. પરંતુ ગુરુવિહોણા માનવ (નગુરાને) શું કહેવું ? આ પ્રશ્નનો જવાબ આપવામાં વિશ્વની તમામ ભાષાઓ એક સરખી રીતે **નિષ્ફળ** નીવડી છે. કલ્યાણના માર્ગમાં ગુરુ સર્વત્ર સર્વદા સર્વથા શિષ્યની સાથે જ હોય છે જેમ અંતર્યામી ભગવાન હરેકપળે જીવાત્માની સાથે જ હોય છે તેમજ.

૧૩. ગુરુના ચરણારવિંદના મકરંદના લેશ સુગંધથી સુખસાગરને માણતો આદરયુક્ત જીવાત્મા આદરયુક્ત 'આચાર્યશ્રી શ્રીહરિનું જ અપરસ્વરૂપ છે. એમ જાણે છે. અને અંતે અક્ષરધામને પ્રાપ્ત કરે છે. એટલું જ નહિ આ લોકમાં પણ ધામજેવું જ સુખ પામે છે.

# રસ એટલે શું ?

- સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)



૧. શ્રૃંગાર રસ



૨. હાસ્ય રસ



૩. કરુણ રસ



૪. રૌદ્ર રસ

માણસ માત્રની મનોવૃત્તિ ઉપર વિવિધ પ્રસંગોની અસર થવાથી જે વિવિધ ભાવોનું નિસ્સારણ (અનુભવાત્મક - પ્રગટ થઈને બહાર આવવું) તે રસનું સ્વરૂપ છે. તે રસ માનવ પ્રકૃતિમાં એક સ્વાભાવિક તત્ત્વ છે. કારણ કે સત્ત્વ, રજ અને તમએ ત્રણ ગુણનું તે (રસ) બંધારણ છે. એ ત્રણ ગુણના પ્રાધાન્ય - ગૌણત્વ પરત્વે અમુક અમુક રસ ઉત્પન્ન થાય છે. તે રસ મુખ્યત્વે **નવ પ્રકાર**ના છે : ૧. શ્રૃંગાર રસ, ૨. હાસ્ય રસ, ૩. કરુણ રસ, ૪. રૌદ્ર રસ, ૫. વીરરસ, ૬. ભયાનક રસ, ૭. બીભત્સ રસ, ૮. અદ્‌ભુત રસ, ૯. શાંત રસ.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં જે **નવરસ** રહ્યા છે, તેને જાણવા-સમજવા માટે લૌકિક દૃષ્ટિથી જોઈએ તો :- વ્યક્તિને વિષે સત્ત્વગુણનું વિશેષે ગૌણત્વ અને રજ-તમનું વિશેષે પ્રાધાન્ય હોય ત્યારે તેમાં શ્રૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત એવા આઠ રસ રહેલા હોય છે, અને સત્ત્વગુણનું વિશેષ પ્રાધાન્યપણું હોય ત્યારે તેમાં 'શાંતરસ'નું દર્શન થાય છે.

**કાવ્ય શાસ્ત્ર મુજબ** ૧. રતિ, ૨. હાસ્ય, ૩. શોક, ૪. ક્રોધ, ૫. ઉત્સાહ, ૬. ભય, ૭. જુગુપ્સા (નિંદા), ૮. વિસ્મય અને ૯. નિર્વેદ (વૈરાગ્ય) આ નવ **સ્થાયીભાવ** (અર્થાત્ ઉગ્ર લાગણીઓના ઉભરાથી સર્વત્ર પ્રસરતા સ્થિરભાવો) ઉપર **નવ રસનો આધાર** માનવામાં આવે છે.

અનુક્રમે શ્રૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત આ નવ રસ માનેલા છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ તો, ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં આ નવ રસો ક્યા ક્યા સ્થાને નિવાસ કરી રહ્યા છે અને કેવી રીતે રહ્યા છે, તેનું પણ **'પુરુષોત્તમ પ્રકાશ'** ગ્રંથમાં સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

**'નવરસને જાણી નિજ દાસ રે, આપ્યો નિજ તન માંહિ નિવાસ રે ।**
**રૂદ્ર વીર ભયાનક તિન રે, વસે ભ્રકુટિમાંહિ પ્રવિન રે ॥૫॥**
**રસ શ્રૃંગાર વસે તનમાંઈ રે, કરુણા શાંતિ નેણે સુખદાઈ રે ।**
**રસ હાસ્ય ને અદ્‌ભુત કા'વે રે, હરે ચિત્ત હરિ હેતે બોલાવે રે ॥૬॥**
**રસ વિષે અસુર રહ્યા મોઈ રે, હરિનાં દિવ્ય ચરિત્રને જોઈ રે ।**
**એમ રસ ને અમિત અલંકાર રે, ધર્યા નિજ ઈચ્છાએ અપાર રે ॥૭॥'**

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૨)

આ રીતે ભગવાન શ્રીહરિએ નવે રસને પોતાના દાસ જાણીને પોતાની મૂર્તિમાં નિવાસ કરાવ્યો છે. રસ અને અલંકાર વિના પણ શ્રીજીમહારાજનું સ્વરૂપ સદાય રમણીય જ છે, છતાં નવરસને પોતાના ભક્ત જાણી તેમનો અંગીકાર કરી ભગવાન તેમના માધ્યમથી અનેકાનેક બ્રહ્માંડોમાં, અનેક ધામોમાં રહેલા ભક્તોને પોતાના



૬. ભયાનક રસ



૫. વીરરસ



૭. બીભત્સ રસ



૮. અદ્‌ભુત રસ



૯. શાંત રસ

સ્વરૂપનો અલૌકિક આનંદનો આસ્વાદ અહર્નિશ આપી જ રહ્યા છે.

ભગવાન પૂર્ણ પુરુષોત્તમનારાયણે અક્ષરધામથી આ લોકમાં અવતરણ કર્યું હોય ત્યારે પણ આ નવરસનાં ભાવોની વિવિધ ભવ્યતા ભગવાન બતાવે છે, તે શ્રીહરિલીલામૃતમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કહ્યું છે :

**'કોઈ સમે અદ્ભુતતા જણાવે, કોઈ સમે માનવ ભાવ લાવે ।**
**સર્વજ્ઞતા કોઈ સમે જણાય, ક્યારે પુછી પંથ પ્રવીણ થાય ॥૧૩॥**
**જે કૃષ્ણ કેરા ભ્રકુટી વિલાસે, અનેક વિશ્વો ઉપજે વિનાસે ।**
**ક્યારેક તે માણસથી ડરે છે, એવી ક્રિયા માનવની કરે છે ॥૧૪॥'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

ક્યારેક અદ્ભુત રસ, ક્યારેક હસતાં આનંદનો મધુર કલરવ તો ક્યારેક ઊની ઊની લા'ય નંખાઈ જાય તેવી કરુણતા, ક્યારેક પર્વતપ્રાય સ્થિરતા-શાંતપણું તો ક્યારેક સુનામીએ ચઢેલા સમુદ્ર જેવી ભયંકરતા, ક્યારેક આશ્ચર્યવત્ કરી દેતી મનમોહકતા તો ક્યારેક ગાત્રો ધ્રુજાવી દે તેવી રૌદ્રતા, ક્યારેક રમણીય શ્રૃંગારમય રસિકતા તો ક્યારેક કંટાળો ઉપજાવે - ચિતરી ચઢાવે તેવી બીભત્સતા. આવા દરેક રસોનું ભક્તોને પાન કરાવીને ભગવાન શ્રીહરિ ભક્તોનો **ભવરોગ** ટાળી નાખે છે. માટે ભગવાન મનુષ્યભાવ સ્વીકારીને અનેક પ્રકારના ચરિત્રો કરે છે. તેમાં ભક્તજન જો સૂક્ષ્મદૃષ્ટિથી **ઉપરોક્ત મુજબ** નવરસને જાણીને તેનું **નિરીક્ષણ** કરે તો **ભવસાગરના નાવિક** બનેલા **નાથજીની મૂર્તિ**માં ભક્તને **નવે રસના ભાવ** સ્પષ્ટ દેખાઈ આવે છે. આ નવે રસના ભાવો ભક્તજનોને સુખેથી સમજી શકાય તે માટે આ 'ચિંતન વિશેષાંક'માં લેખક દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના જ સવિશેષ ચરિત્ર-દૃષ્ટાંતોથી નવે રસનું શ્રીજીમહારાજની મનુષ્યાકાર છતાં દિવ્ય મૂર્તિમાં **અલૌકિક દર્શન** કરાવવા માટે પ્રસ્તુત પ્રયાસ કરવામાં આવેલ છે. માનવ-મતિથી કદાચ ભગવાન શ્રીહરિની મૂર્તિના નવે રસનું ટૂંકી આયુષ્યમાં વર્ણન ન થઈ શકે, છતાં સુજ્ઞજનો તો ભગવાન શ્રીહરિના અપાર મહિમાના અવકાશમાં યથાશક્તિ ઉડ્ડયન કરીને તેની અનંતતાને માણવા માટે મથતા હોય છે. તેમ શ્રીજીમહારાજના નવરસનું આ **'ચિંતન વિશેષાંક'**ના માધ્યમથી અમૃતના સાગરમાંથી માત્ર યથાશક્તિ-યથામતિ આચમન જ કરવા-કરાવવાનો પ્રયત્ન કર્યો છે. ભગવાન શ્રીહરિના સ્વરૂપના અલૌકિક રસમય ગુણો અનંત અપાર છે. એટલે જ તો સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ ગાયું છે : **'વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમસારને રે લોલ'** એમના રસની એટલે કે સુખની કોઈને ઉપમા આપી શકાતી નથી એવા શ્રીજીમહારાજ સ્વયં રસરૂપ એટલે સુખની જ મૂર્તિ છે.

શ્રીહરિલીલામૃત (ક.૩/૧૮/૧૯ થી ૩૧)માં આ નવે રસના ભાવોનું સવિસ્તર વર્ણન કરેલું છે.

**'એમ નવ રસમય છબિ દીઠી, મનડામાં લાગી અતિ મીઠી ।**
**એટલામાં અદર્શ તે થયા, નવ જાણ્યું જે ક્યાં જોગી ગયા ॥'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૮)

અંતમાં ફરીથી પણ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાં રહેલા નવ રસોને સ્પષ્ટ નિહાળવા માટે જૂનાગઢના મહાન વિદ્વદ્વર્ય સ.ગુ. શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીના શિષ્ય શ્રી જગદીશાનંદ બ્રહ્મચારીની રચેલી નવરસના **રસિક કીર્તન**ની કૃતિ ખૂબજ જાણવા અને માણવા જેવી છે :

'ધર્મસુત નામ ઘનશ્યામ નિર્મળ છબી,
જેહ નવ રસ તણી છે ભરેલી;
નવ રસે નૌતમભિન્ન ચેષ્ટા કરી,
સર્વની ચિત્ત વૃતિ હરેલી...ધર્મ૦૧

સુખદ **શ્રૃંગાર** ધરી ચિત્ત ચોરે હરિ,
મેંનમદ હારી શોભા ધરેલી;
મંદ મુખ **હાસ** અવિનાશ કરી દાસની,
પાસ રંજન ગીરા ઉચ્ચરેલી...ધર્મ૦૨

દુઃખિત કદી કોઈને દેખી **કરુણાનિધી,**
નેણથી નીર વૃષ્ટિ ખરેલી;
સંત સુર કષ્ટ સુણી **રૌદ્ર** ધરી રૂપને,
કોપથી દૃષ્ટિ કરડી કરેલી...ધર્મ૦૩

કામને ક્રોધ મદ **વીર**ને વશ કર્યા,
પગ તણી ઠોકરે ઠીક ઠેલી;
અધિક ઉરમાંહી **ભય** પામી પશુ પક્ષીથી,
મનુષ્ય લીલા અતિ આચરેલી...ધર્મ૦૪

આપી પરચા અતિ ભક્ત રક્ષણ કર્યું,
એહ **અદ્ભુત** છટા વાપરેલી;
કનક કાંતા તણી ખૂબ નિંદા કરી,
જાણી **બિભત્સ** વૃત્તિ ધરેલી...ધર્મ૦૫

જ્ઞાન આપી અતિ **શાંત** અગણિત કર્યા,
જ્ઞાનની વૃષ્ટિ મુખથી ઝરેલી;
જોઈ જગદીશ કહે મૂર્તિ નવ રસમયી,
વિસરે કેમ ઉર ઉતરેલી...ધર્મ૦૬'

આ પ્રમાણે સરળતાથી સમજી શકાય તેવું વર્ણન કર્યું છે. તે પ્રત્યેક રસને વિવિધ દૃષ્ટાંતાદિથી યથાશક્ય વિસ્તારથી સમજવા માટે આ ચિંતન **'નવરસ' વિશેષાંક**થી યથાશક્તિ પ્રયત્ન કરીએ..

**અસ્તુ... જય શ્રી સ્વામિનારાયણ...**





# ૧. શ્રૃંગાર રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

શ્રૃંગારરસનો સ્થાયી ભાવ રતિ છે. જગતમાં જે પવિત્ર, શુદ્ધ, ઉજ્જવળ તથા દર્શનીય પદાર્થો છે તેને **શ્રૃંગાર** સાથે સરખાવાય છે. શ્રૃંગારરસનો સવિશેષ પ્રયોગ કૃષ્ણચરિત્રના આલેખનમાં જોવા મળે છે. ગીત-ગોવિંદ, ગોપીગીત, શ્રી ભાગવત પુરાણ, શ્રીકૃષ્ણલીલા વગેરેમાં શ્રૃંગારરસનું સર્વોત્તમ આલેખન જોવા મળે છે. પાપીને પણ આકર્ષી અને ભક્તિમાં તરબોળ કરી શકે એ તાકાત શ્રૃંગારરસની છે.

✤ ✤ ✤ ✤

ચળકતા તારાઓની વચ્ચે જેમ પૂર્ણિમાનો ચંદ્ર ખીલી રહ્યો હોય તેમ ઊંઝાના તળાવના ઉત્તરાદા તીરે ભગવાન શ્રી સ્વામિનારાયણ પરમહંસો તથા નિષ્કામી હરિભક્તોની સભા વચ્ચે ઊંચા આસને વિરાજતા હતા. એ સમયે ત્યાં આવી દીનમણિ શર્મા (સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી)એ ભગવાન શ્રીહરિના પ્રથમ દર્શન કર્યાં. શ્રીજીમહારાજના સ્વરૂપમાં દૃષ્ટિ પ્રસારતા જ એટલા બધા તલ્લીન થઈ ગયા કે કેટલીય વાર સુધી તો પોતાના દેહની પણ વિસ્મૃતિ થઈ ગઈ ! શાસ્ત્રોમાંથી ભગવાન સંબંધી જે જે કાંઈ જાણ્યું હતું તે સઘળું તેમને આ મૂર્તિમાં પ્રત્યક્ષ થતું જણાયું; અને દર્શન માત્રથી અતિ સુખમગ્ન બન્યા. તેમાં પણ ભગવાન શ્રીહરિની દંતપંક્તિએ તો તેમના અંતઃકરણમાં એટલી બધી અસર કરી કે 'આ સહજાનંદ સ્વામી જ સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છે' એવી પ્રતીતિપૂર્વક દૃઢ નિશ્ચય થઈ ગયો.

હિન્દુસ્તાનના મૂર્ધન્ય વિદ્વાનોને પણ ઝુકાવનાર વિદ્વાનપુરુષ પણ જેમની દંતપંક્તિની શોભાના દર્શન કરતા જ પોતાના પાંડિત્યપ્રચૂર મદની સાથે દેહદશાને પણ ભૂલી જ થઈને જે મૂર્તિમાં ઓતપ્રોત થઈ જતાં હોય ત્યારે વિચાર કરીએ કે કેવી હશે ? એ શ્રીજીમહારાજની સલુણી છબી !!!

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના અંગો, અભિનય, છટાઓ, લીલાઓ, વસ્ત્રો, આભૂષણો વગેરેમાંથી પણ દિવ્ય શ્રૃંગારરસ છલકે છે. તેઓશ્રીના શોભા-શણગાર, રૂપ-સૌંદર્ય વગેરે પ્રત્યેક ક્રિયાઓમાંથી **શ્રૃંગારરસ** નિતરે છે. શ્રીજીમહારાજનનું વદન, વાણી, વચન, લટકાં, મટકાં, ચટકતી ચાલ, ચતુરાઈ, ચરિત્રો, ચિહ્નો, કર્ણ, અધર(ઓષ્ઠ), પાંપણ, નાભી, નાસિકા, પગ, પાની, પીંડી, જંઘા, કટી ઈત્યાદિક અંગોને નિરખવા - નિરૂપવામાં તેમજ તેમનું ધ્યાન કે રટણમાં ભક્તિયોગ અનુભવાય છે. નિર્નિમેષ નયને નાથજીને નીરખતાં, રસિક મૂર્તિના રસમાં રાચતા, તેમનું ધ્યાન કરતાં, મૂર્તિને અંતરમાં ઉતારતા **બ્રહ્માનંદનો અનુભવ** થાય છે. તુચ્છ જીવ પણ જો આ રસને ચાખે તો એ પણ બ્રહ્માનંદમાં રાચતો ફરે છે, તો પછી દૃઢ ભક્તની તો શી વાત વર્ણવવી ?

**'મુખડું જોઈને તારું મોહ્યું મન મારું, પિયર સાસરીયું સર્વે થયું મને ખારું...'**

આ પરમાનંદમાં એ સ. ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કેવા તરબોળ બનેલા હશે ?

શ્રૃંગારરસમાં શબ્દશ્રૃંગાર, સાજશ્રૃંગાર, સૌંદર્ય શ્રૃંગાર, પ્રકૃતિશ્રૃંગાર તથા પ્રેમશ્રૃંગાર જેવા શ્રૃંગારોનો સમાવેશ થાય છે.

આ બધાજ શ્રૃંગારોમાં જો ભક્તિરસ ભળે તો 'જ્યોતસે જ્યોત જલાતે ચલો, પ્રેમકી ગંગા બહાતે ચલો.'

### ૧. શબ્દશ્રૃંગાર :

ભક્તોનો ભાવ સ્નેહ કે પ્રેમતેના **શબ્દશ્રૃંગાર** દ્વારા પ્રગટ થાય છે. તેઓ ભગવાનને મનમોહન, મનડાના મોર, ચિત્તડાના ચોર, ચતુરવર, રસિયાજી, વાલમજી, રસિયાવાલમ, રૂપરસાળ, રસરૂપ, રસિકશિરોમણી, રસિકવર, હૈડાના હાર, શોભાસાગર, સુંદરવર, નટવર, પ્રાણજીવન, પ્રાણઆધાર, સલૂણો, નેણુનો શણગાર, આંખલડીના તારા, આનંદકારી, સુખરૂપ, સુખસાગર, સુખકંદ, સુખકારી વગેરે જેવા પ્રેમનિતરતા **ભાવવાહી અલંકારો**થી નવાજે છે. ભક્તકવિના કીર્તનોમાં પણ શબ્દશ્રૃંગારનો પ્રકાશ પડતો જોવા મળે છે.

**'તારા લટકાં પ્યારા મને લાગે રે, લહેરી લટકાળાં...', 'છોગલીયે ચકચૂર થઈ છું, ડોલરીયા વ્રજદાણી...', 'વાલી લાગે વાલમ તારા મુખની વાણી રે...'** જેવા અનેક કીર્તનોમાં રસથાળમાં શ્રૃંગાર રસમય અનેક શબ્દો દૃશ્યમાન થાય છે.

શ્રીજીમહારાજના એ વચન શ્રૃંગારમાં પણ કેટલું મન મોહતું હશે !! **'મુખ થકી કીલ કીલ શબ્દ બોલે, નાચે હસે દિપક દેખી ઝાલે...'** આ ટચૂકડી પંક્તિમાં ભગવાન શ્રીહરિના બાળપણના શબ્દશ્રૃંગારના કેવા અદ્ભુત દર્શન થાય છે.

શ્રૃંગારોમાં શબ્દશ્રૃંગાર એ પરમાત્માને પામવાનો, પ્રભુને બોલાવવાનો **અમોઘ** તબક્કો છે. જાણે કે ભગવાન પણ શબ્દશ્રૃંગારને વશ હોય કે શું ? એ શબ્દશ્રૃંગારને સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ **શસ્ત્ર** તરીકે ઉપયોગ કરી અને ભગવાન શ્રીહરિને વશ કર્યા હતા.

✤ ✤ ✤ ✤

'મહારાજ.... મહારાજ... આપના સાધુ મુક્તાનંદ સ્વામી આપના દર્શનની ઈચ્છા રાખે છે તો એ આવે ?' ચાર મહિનાની વિરહ વેદના થતાં મુક્તાનંદ સ્વામીએ એક મુસાફર દ્વારા શ્રીજીમહારાજને સમાચાર મોકલ્યા.

'ના... ના... દર્શનની કાંઈ જરૂર નથી, આજ્ઞા વિના દર્શને ન આવે. કહેજો મુક્તાનંદ સ્વામીને.'

સ્વામીથી આવા કઠણવચન સહન ન થયા, એમનું હૈયું ભરાઈ આવ્યું. અને આજીજીની બદલે કમનીય-કોમળ કડવાશતા સરી પડી. શબ્દશ્રૃંગારનો સાથ લઈને...

**'ઘરનો એ છેરે, ધૂર્તપણમાં પૂરો;**
**કુબજાને કોઈ દોષ મદેજો, નહીં વ્રજચંદ અધુરો...ઘર૦૧**
**એને જે અનુસરીયા સજની, જ્યાં જીવો ત્યાં જુરો.. ઘર૦૨**
**સૂર્પણખાનું નાક છેદાવ્યું, એવો સદાય અલૂરો.... ઘર૦૩**
**મુક્તાનંદ મતલબનો ગરજુ, ગર્જ સરી ગયો દૂરો...ઘર૦૪'**

આટલા શબ્દો રેલાયા ત્યાં તો મુક્તાનંદ સ્વામીની કલમની શ્રૃંગારરચનાએ શ્રીજીમહારાજને બોલાવ્યા અને સ્વામીની વિરહવેદના ઠરી.

✤ ✤ ✤ ✤

શ્રીજીમહારાજ માણકીએ અસવાર થઈને ગઢડાની શેરીમાં પ્રવેશી રહ્યા છે. સંતો-પાર્ષદો ને ભક્તો કીર્તનો ગાતાં ભગવાન શ્રીહરિને અનુસરી રહ્યા છે. સવારી છેવટે દાદાખાચરના દરબારમાં પહોંચી. અહીં વઢવાણના શ્રીમાળી બ્રાહ્મણોનું વૃંદ મહારાજના દર્શન માટે પ્રતીક્ષા કરી રહ્યું હતું. તેઓ સૌ કોઈ અત્રે એક દેવલોકવાસીની વર્ષીની તિથિએ ભેગા થયા હતા. બધાને થયું કે 'અહીં ભગવાન બિરાજે છે તો ચાલો દર્શને જઈ આવીએ' ને તેઓ દાદાના દરબારમાં આવેલા. શ્રીજીમહારાજે ભૂદેવોને જોયા તેથી ઘોડીએથી ઉતરી, ઘોડી ભગુજીને સોંપીને કહ્યું : ''ભગુજી ! ઘોડીને પાવરો ચડાવજો.'' આટલું કહીને ભગવાન શ્રીહરિ ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયો ઢળાવી બિરાજ્યા. ભૂદેવોને સભામાં પધારતાં જોઈ શ્રીજીમહારાજે હસતે વદને સત્કાર આપ્યો. સૌ બ્રાહ્મણો રંજન થયા. કેટલાકે વર્તમાન ધાર્યા. આ વખતે બ્રાહ્મણોની નાતમાં આઠ વર્ષનો એક બાળક પણ આવેલો. તેણે પણ માણકીએથી ઉતરી હાથ લાંબો કરી **'ભગુજી ! ઘોડીને પાવરો ચડાવજો'** કહેતાં ભગવાન શ્રીહરિને જોયેલા.

આ સાદી-સરળ વાત ને એ સલૂણી છબી એ માનસપટ પર અમીટ રીતે અંકિત થઈ ગઈ. એ બાળક સિત્તેર વર્ષની અંતઅવસ્થાએ પહોંચ્યા ત્યારે પણ બોલેલા કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણનું એ વાક્ય ને એ લટકું મારા અંતઃકરણમાં એવાં તો સજ્જડ ચોંટી ગયા છે કે એ લટકું હજી પણ મને વીસરાયું નથી.'

એ બાળક કોણ હતા ? એ હતા **ગુજરાતના મહાન કવીશ્વર શ્રી દલપતરામ !!** તેઓને શ્રીજીમહારાજના આ પહેલાં ને છેલ્લાં દર્શન થયાં હતાં. પણ એ દર્શન સિત્તેર-સિત્તેર વર્ષની વિધવિધવર્ણી જીવનલીલા પછીયે તેઓને તાદૃશ રહ્યાં હતાં ! આ પ્રસંગ પરથી શ્રીજીમહારાજના **શબ્દશ્રૃંગાર**નો **પરિચય** મળે છે.

### ૨. સાજ શ્રૃંગાર :

વિરક્ત અને નિર્બાધ એ ભગવાન શ્રીહરિ ભક્તના પ્રેમને આધીન થઈને સાજ શ્રૃંગારનો અનુગ્રહ કરતા ક્યારેક જરિયાની પાઘ તો વળી ક્યારેક કસુંબલ પાઘ. જરિયાની જામો, સુરવાળ, સુશોભિત ફરકતો ખેસ, છોગલું તથા વિવિધ પ્રકારની છડીઓ, પાદુકા,

આયુધો, પુષ્પોના શણગારોને ભગવાન શ્રીહરિ અંગીકાર કરતા. વળી, કાનમાં કુંડળ, કંઠમાં સોના-મોતીની માળા, હાર, બાજુબંધ, પોંચી, કડા, વેઢ, વીંટી તેમજ છત્ર, પલંગ, ઢોલિયો, તકિયા, ગાલમસુરિયા, હિંડોળો, ખાટ, ચાકળા આવું ઘણું ઘણું શ્રીજીમહારાજ અંગીકાર કરતા અને સાજ શ્રૃંગારમાં અવનવો વધારો થતો.

✤ ✤ ✤ ✤

'બ્રહ્માનંદ સ્વામી... બ્રહ્માનંદ સ્વામી... અહીં આવો...' ધમડકા ગામમાં નાના નેહડામાં નિવાસ કરતા કર્ણીબાના આંગણે ઊભા રહી સુરાખાચર ઊંચા અવાજે દૂર ઊભેલા બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બોલાવી રહ્યા છે :

'સ્વામી આ દર્શન અતિ દુર્લભ છે ! આ વખતે જો દર્શન ચૂક્યા તો ફરી વખત આ દર્શન નહિ થાય.' સુરાખાચર બોલ્યા.

બ્રહ્માનંદ સ્વામી આનાકાની કરતા નજીક આવ્યા. અને જ્યાં આંખ ઊંચી કરી.... અને એ આંખ બિડાવાને સમર્થ ન બની. અનિમેષપણે સ્વામી નારીવેશમાં રહેલા શ્રીજીમહારાજને જોઈ જ રહ્યા. અને એ શોભા, એ સાજ શ્રૃંગારનું વર્ણન કરતા સ્વામી બોલી ઊઠ્યા :

**'પહેર્યો ઘાઘરડો ઘેરાળો, શોભે કંચવો કામણગારો રે;**
**શિર ગુંથ્યું છે પટીયો પાડી, નવરંગ ઓઢાડી છે સાડી રે;**
**પહેર્યા સર્વ સખીના ઘરેણાં, શુભ કાજળથી સાર્યા નેણાં રે;**
**કહે બ્રહ્માનંદ અતિ શોભે, જોઈ સખીયુના મન લોભે રે;**
**ગોપી બની ગયા ગિરધારી.'**

ભગવાન શ્રીહરિ સાજ શ્રૃંગારને ધારણ કરતા ત્યારે જે એમના દર્શન કરે, ચાખડી પહેરી હોય ત્યારે એમનો અવાજ જેમને સંભળાય એ પણ મોક્ષનો અધિકારી બની જાય. આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે સાજ શ્રૃંગારને ગ્રહણ કરી તેને ધન્ય બનાવ્યો અને એનાથી મોક્ષનો પથ વધારે વિશાળ બનાવ્યો.

## ૩. પ્રકૃતિ શ્રૃંગાર :

પગદંડી પર પોતાના ચરણકમળ રાખતા, હાથની હોંશીયારીથી લતાઓ, ડાળીઓને દૂર કરતા. વાદળાંની મધ્યે રહેલા ભાસ્કરની માફક જંગલની અંદર ઝબુકતા એ વર્ણીની સાથે પ્રકૃતિ પણ કેવી ગેલ કરતી હશે ?

પરમાત્માના દિવ્ય સાંનિધ્યથી **પ્રકૃતિની શોભા** પણ વધે છે. પ્રકૃતિ પોતાના હથિયાર ભગવાનના ચરણે ધરી દે છે. પ્રભુ સાથે તાલ મેળવી થૈ... થૈ.. નૃત્ય કરે છે. તેથી ભક્તકવિઓ ભગવાનના અંગોઅંગને પ્રકૃતિ સાથે સરખાવે છે. ભગવાનના નેણ કમળદળ સાથે, દંતને દાડમની કળી સાથે, અધરને કુમકુમસાથે, ચાલને હંસ કે ગજની ગતિ સાથે, વદનને ચંદ્ર સાથે સરખાવે છે. તેમજ હાસ્યને ખીલેલા નૂતન ગુલાબની સાથે સરખાવે છે. પરમાત્માની સંનિધિથી એ પ્રકૃતિને ગેલ કરવા - રાજી કરવાનો મોકો મળે છે. પ્રભુની હાજરી માત્રથી પક્ષીઓ કલરવ કરવા લાગે છે. ભ્રમર ગુંજરાવ કરવા લાગે છે, મોર નાચવા લાગે છે, કમળ પ્રફુલ્લિત થઈ જાય છે. ભગવાનની ચાલ જોઈને હાથી પોતાને ધિક્કારતો માથા પર ધૂળ નાખે છે.

વળી, ખળ... ખળ... કરતા પાણીના ઝરણાં એ શ્રીજીમહારાજના અવાજના સૂરની સાથે સૂર મેળાવી અને ગાઈ રહ્યા છે. ભગવાન શ્રીહરિને પ્રકૃતિ સાથે સરખાવતા સંતો ગાઈ ઊઠે છે :-

**'શ્યામ ઘટા ઘનની ચટી આવી, શ્યામ કોકિલા બોલે રે;**
**રાત દિવસ મુખ પંકજ જોતાં, નયણાં તૃપ્તિ નવ પામે રે...'**

**'પ્યારા તારા ગાલમાં તિલ એક શ્યામ,**
**જાણે ઝળકે મણિ રે લોલ..'**

**'મોળીડું શોભે છે જાણે ફૂલડાંનો ભારો...'**

જેવા અનેક પદોમાં પ્રકૃતિ સાથે શ્રીજીમહારાજને સરખાવવામાં આવ્યા છે. આમ, પ્રકૃતિની પણ પરમાત્માના સંબંધથી શોભા વધી છે.

## ૪. સૌંદર્ય શ્રૃંગાર :

**'શોભા શ્રી ઘનશ્યામની, વર્ણવ્યામાં ન આવે;**
**નિત્ય નવી વર્ણવે શેષજી, તોય પાર ન પાવે...'**

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી કહે છે : ભગવાન શ્રીહરિની શોભા, **સૌંદર્યતા** એને તો કોણ વર્ણવી શકે ? શેષનારાયણાદિ નિત્ય નવી નવી વર્ણવે તોયે એ **અખૂટ ભંડાર** કોણ ઉલેચી શકે ?

શ્રીજીમહારાજનું સૌંદર્ય એ કોઈ પદાર્થને આધીન ન હતું. સહેજે એવું આકર્ષણ એ સ્વરૂપમાં હતું કે, **'નિમખ ન મેલું વેગળાં.'** સંતો તેમને આંખનું મટકું ભરે તેટલીવાર પણ અળગા મૂકી શકતા ન હતાં.

ફેવીસ્ટીક ને લિપસ્ટીક (Fevistick & Lipstick) ગણી અને ઘસી નાખવી એમ ભગવાન શ્રીહરિનું સૌંદર્ય નહોતું ઝળક્યું. શ્રીજીમહારાજનું સૌંદર્ય એ સહેજે મનને હરનાર, મોહ પમાડનારું છે. મહારાજની ચાલમાં, હાસ્યમાં, નજરમાં, વાણીમાં, જમવામાં વગેરે દરેક ક્રિયામાં **સૌંદર્ય શ્રૃંગાર** છલકાય છે. વળી, ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ૧૮મા વચનામૃતમાં કહે છે : ''...ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને તેજોમયમૂર્તિ છે અને જેના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે ને કોટિ કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે... અને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે.'' વળી, વચનામૃત પંચાળાના ૩મા શ્રીજીમહારાજ કહે

છે : "...ભગવાનનું જેવું સુખ છે તેવું બીજે નથી..." તેથી જ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી પોતાના કીર્તન રસથાળમાં ભગવાનના સ્વરૂપનું વર્ણન કરતા લખે છે :

**'રસિયા કે રૂપમે અટક ગઈ અખિયાં...',**
**'વાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ...',**
**'જોતાં લોચન તૃપ્ત ન થાય, જે એવી મુને ટેવ પડી રે લોલ...'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ પંચાળાના ચોથા વચનામૃતમાં કહે છે : "...ભગવાનનું જેવું રૂપ છે તેવું આ બ્રહ્માંડમાં કોઈનું નથી કે જેની તેને ઉપમા દઈએ..."

ભગવાનનું સૌંદર્ય દિવ્ય છે, કોટિ કંદર્પને લજ્જા પમાડે તેવું છે. તેથી જ સંતો પરમાત્માને **'રસિયા વાલમ'** કહે છે. ભગવાનની સલૂણી મૂર્તિમાંથી અખંડ સુખ અને આનંદનો મધુરરસ વહેતો રહે છે, જે અસંખ્ય મુમુક્ષુજનોને ભીંજવે છે. ભગવાનનું આ આકર્ષણ અલૌકિક છે, તેથી જ ભક્તો ઓતપ્રોત થઈ જાય છે.

પંચાળાની સીમમાં એક કુબામાં અંતિમવેળાએ ખાટલામાં પડેલા વાઘરીએ પોતાની પત્નીને કહ્યું :

"આ સૂકા બટકા મારા ગળા નીચે નથી ઊતરતા, કાંઈક બીજું હોય તો મને ખાવા આપ. કાં તો ઓલ્યા છોગલાવાળાએ જે મને પ્રેમથી ખવડાવ્યું હતું ને... એ આપ... તો મને ભાવશે."

પત્નીએ જવાબ આપ્યો : "એ વળી આપણે વાઘરીને ઘરે ક્યાંથી હોય?"

વાઘરી ઊંડો નિસાસો નાખતા બોલ્યો : "ધન્ય હજો ઓલ્યા છોગલાવાળાને... એ સલૂણી મૂર્તિએ મને કેવો પ્રેમથી જમાડ્યો, એમણે કેવા નિઃસ્વાર્થ ભાવે મને પીરસ્યું... ધન્ય છે છોગલાવાળાને..."

અંતિમઘડીએ સલૂણી સહજાનંદની મૂર્તિ એ વાઘરીને યાદ આવી અને ત્રણ છોગલાના ધરતલ ભગવાન શ્રી સ્વામિનારાયણ, પેલા વાઘરીને શેલણ જમાડીને પોતાના ધામનો અધિકારી બનાવ્યો. ધન્ય છે મહાપ્રભુને અને એની માધુર્યતાને... તેથી જ આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું છે :

**'અવધપ્રસાદ કે મન હર લીનો, સહજાનંદ સુખ દૈયા...'**

## ૫. પ્રેમ શૃંગાર :

મેઘલી રાત જામી છે, તમરાઓના અવાજો વધારે પ્રફુલિત બન્યા છે, વાતાવરણ સૂનકાર છે. ક્યાંક... ક્યાંક કૂતરાઓના અવાજો સંભળાય છે. દાદાખાચરનો દરબાર અને ગઢપુરની ગલિઓ આજે પ્રભુના ધ્યાનમાં ડૂબેલા છે. એ વખતે સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ પ્રેમની ભાષા સમજાવવા સારંગી હાથમાં લીધી...

સારંગીમાંથી ઘૂટાઈ ઘૂટાઈને સૂરો નીકળવા લાગ્યા... કંઠમાંથી ભીંજાઈ ભીંજાઈ ભક્તિરૂપી કીર્તન નીકળવા લાગ્યા. અને આંખોમાંથી વલોવાઈ વલોવાઈને પ્રેમાશ્રુઓ નીકળવા લાગ્યા.

એક કડી... બે કડી... અક્ષરઓરડીએ ભગવાન શ્રીહરિની નિંદ્રા જાણે હરિ લીધી. શ્રીજીમહારાજને ચેન પડતું નથી. પ્રભુ ઊઠ્યા અને આ ત્રણ સંગમના ખજાના રૂપી પ્રેમસખીની આગળ શ્રીજીમહારાજ ખડા થઈ ગયા !!! તેથી જ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પોતાના કીર્તનોમાં લખે છે :

**'પ્રેમભક્તિ જેને ઘટ આવે, તેહને રંગ હરિ રાચે રે;**
**વ્રજ વનિતા કરતાળી બજાવે, નટવર થૈ થૈ નાચે રે.**
**પ્રેમની આગળ સાધન સર્વે, રવિ આગળ જેમતારા રે;**
**મુક્તાનંદ કહે પ્રેમનો મારગ, પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે.'**

પ્રેમમાં તાકાત છે પ્રભુને નચાવવાની, પ્રેમની તાકાત છે પ્રભુને પોતાનું પ્રભુપણું ભૂલાવે, પ્રેમની આગળ સર્વે સાધન, સર્વે દાખડો એ ઝાંખા પડી જાય છે.

'True Love never Grows old.' 'સાચો પ્રેમએ ક્યારેય ઝાંખો નથી પડતો.' પ્રેમશૃંગારમાં **પતિવ્રતાની ભક્તિ** સમાયેલી છે. આવી ભક્તિ જેને હોય તેને ઈષ્ટદેવના દર્શન ગમે, તેની પાસે રહેવું, તેમની ક્રિયા, સ્વભાવ વગેરે એ આનંદ સહિત સ્વીકાર કરે. તેમની ક્રિયા કે સ્વભાવથી એ ભક્તનું મન ક્યારેય પણ વેગળું ન થાય. જેમ વધારે મનુષ્યચરિત્ર કરે એમ પ્રેમીભક્ત વધારે ગુણ ગાય છે.

શ્રીજીમહારાજે સંતો-ભક્તોની સભામાં બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "સ્વામી અમે બ્રહ્મચારી રહ્યાં એટલે તમે અમારા ગુણગાન ગાવો છો અને અમારી મૂર્તિના પદો બનાવો છો, પરંતુ અમે ઘર માંડ્યું હોત તો તમે શું કરત?"

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! અમે તમારા છોકરાના હાલરડાં બનાવીને બોલત ! અમને તમારા પ્રેમમાં, તમારી સાથેની લગનમાં જરાપણ ઉણપ ન થાત." તેથી જ સંતોએ કહ્યું છે :

**'તુમ સંગ જોડી પ્રિત અબ કૌન સંગ જોડું રે,**
**તુમ પ્રિત તોડે મગર મેં ના તોડું રે.'**

અર્થાત્ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં એવો પ્રેમરસ વહે છે કે એકવાર તેમાં સ્નાન કર્યા પછી બીજા રસ તુચ્છ થઈ જાય છે. અને ભગવાન શ્રીહરિ તે ભક્તનો ત્યાગ કરવા ઈચ્છે તોપણ ભક્તજન તેમને મૂકી શકતો નથી એવો પ્રેમમય શ્રૃંગાર શ્રીજીમહારાજ ધારણ કરે છે.



# ૨. હાસ્ય રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

શ્રૃંગારાદિ નવ રસોમાં હાસ્યની પરિપુષ્ટતાને **હાસ્યરસ** કહે છે. તે બહુધા હાસ્ય ઉપજાવે એવી લાગણી કરનાર વાત, વસ્તુ કે વર્ણન; મર્મવાક્ય; કે વિનોદમાં નિવાસ કરી રહે છે. જીવનમાં હાસ્યરસનું અનેરું મહત્ત્વ છે. હાસ્યથી માણસના જીવનમાં અનેરી સ્ફૂર્તિ આવે છે. શ્રેયઃ-પ્રેયઃ બંનેની સિદ્ધિ પણ વ્યક્તિના અનુકુળ હાસ્યરસથી શીઘ્ર સંપન્ન થાય છે. આ હાસ્યરસના મહત્ત્વને માણવા માટે આપણે સૌપ્રથમ એક પ્રાકૃતિક દ્દષ્ટાંત જોઈએ :-

'ગુલાબભાઈ અરે... ઓ ગુલાબભાઈ ! જરા ઊભા તો રહો !' રસ્તા પર ચાલ્યા જતાં ગુલાબભાઈએ પાછું વળીને જોયું તો પથ્થરભાઈ પોતાને બોલાવતા દોડતા આવે છે.

'કેમ છે ગુલાબભાઈ મજામાંને ? અરે, બહુ મજામાં...' ગુલાબે હસતાં હસતાં કહ્યું.

'પણ તું તો ઠીક છે ને ?' ગુલાબે ખુશી-પ્રશ્ન પૂછતા પથ્થરભાઈને પ્રશ્ન કર્યો.

ગુલાબે ખુશી-પ્રશ્ન પૂછતા પથ્થરભાઈને પ્રશ્ન કર્યો.

પથ્થરનું માથું નીચે નમી ગયું.

'કેમ કાંઈ અવનવું બન્યું ?' ગુલાબે આતુરતાથી પૂછ્યું.

'ના કશું બન્યું તો નથી... પણ... પણ મને એક પ્રશ્ન બહું પરેશાન કરે છે.'

'ક્યો પ્રશ્ન મૂંઝવે છે ?'

પથ્થરભાઈ ગંભીર અવાજે બોલવા લાગ્યા : 'હું એક ખૂણે બેઠો હતો, કોઈ માણસ આવ્યો અને મને ઉપાડ્યો... ઘા કર્યો કૂતરા ઉપર..., મારા આગમનથી કૂતરું ત્યાંથી ચાલ્યું ગયું. લોકો મારો ઉપયોગ કોઈને પરેશાન કરવા શા માટે કરતા હશે ? અને હવે રસ્તા પર આમથી તેમ ગોથલીયા ખાતો જિંદગી વિતાવું છું. લોકો તમને ચાહે છે અને મને તરછોડે ! તમને ગાલની કોમળતા આપે અને મને પગની કઠોરતા ! આમ કેમ? અન્યાય શા માટે ?' આટલું બોલતા બોલતા પથ્થરની આંખમાં આંસુ ભરાઈ આવ્યા.



ગુલાબે હસતાં મુખે જવાબ આપ્યો : 'પથ્થરભાઈ ! મને ખબર છે કે સૂરજ ઢળશે અને મારા આયુષ્ય પર પૂર્ણવિરામ લાગી જશે. તેમ છતાં હું નિર્ભયપણે આનંદમાં હસતો રહું છું. તેથી લોકો મને ચાહે છે, મને પ્રભુના કંઠમાં અર્પણ કરે છે. ભ્રમરો મારા તરફ ખેંચાય છે, બે વિખૂટા પડેલા દિલોને ભેગા કરવા મને મધ્યસ્થ બનાવે છે અને અંતસમયે માનવી મને પોતાની સાથે સ્થાન આપે છે. વળી, અધુરામાં પુરું મને પીલીને એમાંથી તેલ બનાવે છે તેમ છતાં હું હસતો જ રહું છું. હંમેશને માટે 'Smyle' (સ્મિત) આપતો જ રહું છું. એટલે લોકો મને ચાહે છે, માથે ચડાવે છે અને તમને ઠેબે ચડાવે છે.' તેથી વિચારકો કહે છે : **'ગુલાબની જેમ કાંટાની વચ્ચે પણ હસતાં રહો.'**

ભગવાન શ્રી સ્વામિનારાયણમાં રહેલો હાસ્યરસ એ તત્કાલીન ભક્તો પૂરતો જ નહિ, પરંતુ ચિરકાલીન દુનિયાને પણ સ્મરણમાત્રથી શાશ્વત સૌખ્ય આપનાર હતો.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ 'શ્રી સર્વમંગલ સ્તોત્ર'માં ભગવાન શ્રીહરિના હાસ્યરસથી તેમનું નામાભિધાન કર્યું છે. 'नानाभक्तजनानंदः।' - અનેક ભક્તોને આનંદ આપનાર (૫૩૬), 'स्मितामनः।' - મંદહાસ્યથી શોભાયમાન મુખકમળવાળા (૬૬૮), 'सदानंदः।' - સદાય આનંદમાં રહેનારા અને આનંદ આપનારા (૬૯૫) જેમાં તેમના આનંદની, હર્ષોલ્લાસની **સદાય હસતા રહેવાની ભાવના** અભિવ્યક્ત થાય છે.

આનંદપ્રિય ભગવાન શ્રી સ્વામિનારાયણના નિર્દોષ, દિવ્ય, મધુર મર્માળા હાસ્યથી આકર્ષિત થયેલા સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી પ્રેમસભર-પદોમાં વર્ણન કરતા લખે છે :

**'મુસકની બંકી બિલોકની નીરખી,**
**હાંરે પિયા રતિપતિ અતિ સંકુચિત ભયો રે;**
**નીરખી વદન બદન હાસજુત સુંદર,**
**હાંરે મોચે ઉઠત હૈ પ્રેમ શું નયો નયો રે.**
**તેરી મુસકનીમેં મન લાગી રહ્યો રે....'**

સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી પણ કહે છે :-

**'તેરી હસની મન હર લીની, પિયા જીવન ભવજલ તરની;**
**મધુર હસત ઉર બસત મુરારી,**
**હો પિયા પૂરન પ્રેમ કટારી...તેરી૦'**

સાહિત્યકારો બતાવે છે કે, 'જે વ્યક્તિ હસતો નથી તેનો કોઈ દિવસ વિશ્વાસ કરવો નહિ.' કેમ આટલો બધો અન્યાય ? કારણ કે એના જીવનમાં હાસ્ય તો નથી જ, પરંતુ તેના સંગમાં જે કોઈ આવશે તેને પણ હાસ્યથી વેગળો કરી મૂકશે. એ તો ખુશીથી નહિ જીવી શકે, એનો સંગી પણ ખુશીથી જીવી નહિ શકે.

✤ ✤ ✤ ✤

એક વખતની વાત છે. દાદાના દરબારમાં લીલુડા લીંબવૃક્ષ નીચે સભા ભરાઈને બેઠી છે. એક બાજુ પરમહંસો ને બીજી બાજુ હરિભક્તોનું વૃંદ. વાતવાતમાં રસોની વાત નીકળી.

વાતમાં મોણ નાખીને વાતડાહ્યા સુરાખાચરે કહ્યું: ''બ્રહ્માનંદ સ્વામી ! આપણે માંડવધારની ભેંસોનું દૂધ ચાખ્યું નથી. સાંભળ્યું છે કે કટોરે ભર્યું હોય તંઈ સળી રાખોને ઈ સીધી ઊભી રહે એવું ઘાટું ! અને મીઠું તો એવું કે સાકરની જરૂર ન પડે!''

''પણ સુરાખાચર ! રબારીઓએ ભેગા મળીને ઠેરાવ કર્યો છે કે ગઢડે સ્વામિનારાયણને દૂધ ન દેવું. ભલે વખતે ઢોળી દેવું પડે પણ એ કામણટૂમણવાળાને તો ન જ દેવું.'' શ્રીજીમહારાજ વાત સાંભળી મરક મરક હસવા લાગ્યા.

''તો તો મહારાજ ! જરુર એ ગાયું-ભેંસુનું કલ્યાણ કરશે !'' બ્રહ્માનંદ સ્વામીએ વિચાર કરીને કહ્યું.

મૌન રહેલા સુરાખાચર મર્મમા બોલ્યા : ''મહારાજ ! અમે તો ઘણીવાર રસોઈ આપી ચૂક્યા છીએ, પરંતુ આ વખતે ભક્તિમાતાના શ્રાદ્ધને દિવસે આપની રસોઈ લેવી છે.''

ભગવાન શ્રીહરિ કંઈ બોલે તે પહેલા બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : ''રસોઈ તો લેવી છે પણ તે ય માંડવધારના એક જ રબારીના નેસનું દૂધ આવે એવી લેવી છે.''

શ્રીજીપ્રભુ મંદ મંદ હસવા લાગ્યા. તેઓ જાણતા હતા કે માંડવધારના રબારીઓ આપણી ઉપેક્ષા કરે છે એટલે દૂધ મળવું મુશ્કેલ છે. પણ વાંધો નહિ એમ વિચારી મહારાજે કહ્યું : ''માંડવધારના દૂધે જ રસોઈ થશે. હજુ તો મહિનો આડો છે, ધીરજ રાખો.''

જેઠા રબારીને કાને વાત અથડાણી કે મારા નેસડાનું દૂધ અને એ કપટી સ્વામિનારાયણને ? કડક બંદોબસ્ત કર્યો. રખેને દૂધ ગઢપુર ન પહોંચી જાય.

શ્રાદ્ધ પક્ષ શરૂ થયો. ભાદરવો બેઠો.

''પ્રભુ ! હવે પાંચ દિવસ બાકી છે, રખે માતા ભક્તિદેવીનું શ્રાદ્ધ ભૂલાય ન જાય.'' સુરાખાચરે શ્રીજીમહારાજને યાદ કરાવ્યું.

''ધીરજ રાખો, બધું થઈ જશે.'' ભગવાન શ્રીહરિએ હસતા હસતા કહ્યું.

ભાદરવા વદ આઠમ બેઠી.

આજે વહેલી સવારે જેઠો અને ચાર-પાંચ રબારીઓ ગામતરે જવા નીકળ્યા.

''જો જો ભૂલ થાય નહિ, ગઢડે સ્વામિનારાયણને દૂધ આપવાનું નથી.'' જેઠાએ તેના પત્ની અને દિકરાને વાત પાકી કરાવતા કહ્યું.

''એમાં ફેર નહિ પડે !'' સામેથી જવાબ મળ્યો.

જેઠા રબારીએ માંડવધારની સીમવટાવી અને એજ વખતે શ્રીજીમહારાજ ગઢડેથી માણકીએ ચઢીને નીકળ્યા. અને ધર્યું રૂપ રબારી જેઠાનું. અદલ જેઠો જ જોઈ લ્યો.

ભરાવદાર શરીર છે, મોટી જબરી ફાંદ ને ઢાલ જેવી છાતી પર કાળા ભમ્મર વાળમાં ગૂંચળા પડ્યાં છે, લીંબુ મૂકો તોય ઝીલાય રહે તેવી વાંકડી મૂછોના થોભિયા રહી ગયા છે, બંને હાથના કાંડા પર શેર શેરનાં રૂપા કડાં ચળકે છે, કાનમાં હેમનાં કોકરવાં પહેર્યા



છે. ગળે રૂપાની હાંસડી નાખી છે, ઘેરાદાર સૂંથણું પહેર્યું છે, માથે મોળિયાદાર રાતી બાંધણી બાંધી છે, બશેર-બશેરના વજનના ભરવાડી જોડા પહેર્યા છે, પાંચ શેર વજનનો લાકડીનો ગેબો ખભા પર લીધો છે, એક ખભે કાળો બરછટ ધાબળો રહી ગયો છે... હૂબહૂ જેઠો રબારી જોઈ લો!

આખો નેસ દોહણાં-વલોણાંથી ગાજે છે, અને જેઠો રબારી આવી ચડ્યો.

"કેમ કંઈ ભૂલી ગયા કે શું?" પતિને અચાનક પાછા આવેલા જોઈ પત્ની બોલી.

"અરે ! માંડ બચ્યો છું. હજુય છાતી ધડક ધડક થાય છે." કપાળ પરનો પરસેવો લૂછતા જેઠો બોલવા લાગ્યો.

"અમે ઉતાવળે મારગ કાપતા હતા. મને અચાનક પેટમાં ચૂંક ઊપડી ને દિશાએ જવું પડ્યું. કાળા કરશનનું કરવું તે જ્યાં હું બેઠો'તો એ ઠેકાણેથી કાળોતરો સાપ નીકળ્યો. હું સૂંથણું સરખું કરતો ઊભો થઈ ભાગ્યો અને ઝાડ પર ચડી ગયો. અને એ ઝાડને આંટો મારી ફેણ ચઢાવીને મારી રાહ જોવા લાગ્યો. અને જો નીચે ઉતરુ તો એ કરડે, મને **સ્વામિનારાયણ** સાંભર્યા. તરત મેં માનતા માની કે સાપ ભાગે તો દૂધપાકની રસોઈ ગઢડે આપું. અને સાપ ભાગી ગયો. માટે ધરમનું કામ આજ ઘડીએ કરી લેવું. ને અલી તું કોથળીમાંથી સો રૂપિયા ગણી દે, જા ઝટ જાવું છે."

જેઠાભાઈ બચ્યા એનો આખા નેસડામાં આનંદ પથરાઈ ગયો.

રબારણનો જીવ ફડક ફડક થતો હતો. તેને હાશ થયું. પતિને કહ્યું: "હવે તો એક છાંટોય દૂધ નેસડે નહિ રાખીએ."

ઠીક કહી જેઠા રબારી વેષે રહેલા શ્રીજીમહારાજ તો પોતાનું કામ પતાવી મંદ મંદ હાસ્યરસને રેલાવતાં આગળ ચાલી નીકળ્યા.

ભગવાન શ્રીહરિના આ હાસ્યરસને એ અભણ રબારણ શું જાણી શકે?

"આજ આ દૂધના દેગડે દેગડા ક્યાંથી આવવા માંડ્યા?" લાડુબાએ કહ્યું.

"બા, આ દેગડા ખાલી કરો ને દૂધપાક બનાવવાનો છે." શ્રીજીમહારાજે કહ્યું.

જેઠાના બંને દિકરાએ પ્રણામ કર્યા ને કહ્યું : "બાપુ ! અમારા આતાની માનતા ફળી, દૂધ લાવ્યા એની રસોઈ અને આ રૂપિયાની જાવંતરી, કેસર નાખજો." દિકરાએ પૈસા આગળ ધરતા કહ્યું.

બંનેને આવતી કાલે રોંઢાવેળાએ જમવાનું આમંત્રણ આપી વિદાય કર્યાં.

વદ નોમ ઊગી. 'આજે તો શ્રીજીમહારાજ પોતાનું વચન કેમ પાળશે ?' એમજાણીને સુરાખાચરને પોતે મૂકેલા પ્રસ્તાવનો આનંદ છે.

કેસર મિશ્રિત દૂધપાક પંગતમાં પીરસતા શ્રીજીમહારાજને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! આપણી શરત તો માંડવધારના દૂધની છે."

ત્યારે મહારાજ કહે : "અમે શરતભંગ કર્યો જ નથી. પૂછાવો કે આ દૂધ ક્યાંનું છે?"

બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચરે આખી ઘટના જેઠા રબારીના દિકરાના મુખે જ સાંભળી.

સાંભળતા બંનેને અંદરથી હાસ્યરસ ઉછાળા લે, પણ શું કરે!

ભગવાન શ્રીહરિ પંગતમાં પીરસી રહ્યા હતા. અને આ બંને ત્યાં આવ્યા ને કહ્યું: "મહારાજ! આજની રસોઈ માટે કોને ધન્યવાદ દેવા?"

"કોને કેમ ? જેઠા રબારીને, ને સાથે એના આ દિકરાઓને!"મહારાજે કહ્યું.

આ સાંભળી સુરાખાચર કહે : "મહારાજ ! અમે તો એના ઘરવાળાને ધન્યવાદ દઈએ."

ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : "ના રે... એના ઘરવાળાને કહેનાર તો 'જેઠો રબારી' જ ને ! માટે કોઈને નહિ આપણે તો **આ બેઠેલાં જેઠાને** જ **ધન્યવાદ** દઈએ છીએ." સ્વામી શ્રીજીમહારાજ સામે આંગળી ચીંધતા બોલ્યા.

અજ્ઞાત જેઠાના બંને દિકરાઓએ તરત કહ્યું : "સાચું કહો છો બાપજી ! અમારા આતાએ આ વખતે બહું છૂટો હાથ રાખ્યો છે, ધન્યવાદ તો એને જ ખપે."

આ સંવાદ સાંભળી ભગવાન શ્રીહરિનું મુખકમળ એવું મલકી રહ્યું હતું કે, જાણે હાસ્ય રસે મહારાજ પર આક્રમણ ન કર્યું હોય ? આડો રૂમાલ દઈને હસવા લાગ્યા. હસવું રોકાય નહિ એટલું હસ્યા. સાથે બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર સહિત આખી સભા પણ હસી પડી.

હસવું... 'Smyle' એ એક એવી કટાર છે કે, કઠોર દિલને ભેદી અને એને ગુલાબ જેવું મુલાયમ બનાવી દે છે. 'Smyle' એવી **બક્ષિસ** છે કે, જે ગરીબ હોવા છતાં તવંગર છે. એ પોતાનો આનંદ અન્યને આપી અને આનંદના ખુશીસાગરમાં ઝુલતા કરી દેશે.

સામાન્ય માનવીના મુખની સુંદરતામાં, નમણાશમાં હાસ્ય-હસતું મુખ એ ચાર ચાંદ લગાવી દે છે. હસતો વ્યક્તિ પ્રત્યેક વ્યક્તિનું ખેંચાણનું કેન્દ્ર બની જાય છે. તો પછી ભગવાન પૂર્ણ પુરુષોત્તમના મુખારવિંદનું હાસ્ય ભક્તોને રસતરબોળ

કરે તેમાં કહેવું જ શું?

હાસ્ય એ ભગવાને જ આપેલું એક **અમૂલ્ય નજરાણું** છે, જે દરેક વ્યક્તિમાં નથી જોવા મળતું. 'Smyle' (સ્મિત) એ પરમાત્મા સાથે વાતચિત કરવાનું **અમોઘ સાધન** છે. વિચારશીલ વ્યક્તિ કહે છે :- 'તમે આખો દિવસ મૌન રાખો, જવાબમાં ફક્ત સામેની વ્યક્તિ સામે મુખ મલકાવી અને નયનોથી જવાબ આપો.' ફક્ત 'Smyle'ના આધારે તમારો દિવસ ખુશીથી પસાર થઈ જશે. એનું કારણ?

**'હાસ્ય એ જીવનનું હૃદય છે.'**

દુશ્મન સામે મળે તો શા માટે એને પણ આપણો આનંદ - 'Smyle' દ્વારા ન આપીએ. અને જો આપણે એમને 'Smyle' ન આપી શકીએ તો માનવું કે આપણી ગણતરી '...પથ્થર'માં થશે. આપણા હસવાથી એ તમારા પ્રત્યેનો વૈરભાવ ભૂલાવી દેશે. અને સદાયને માટે નિર્ભયતા અને આનંદિતતાના સાગરમાં વહેતા કરી દેશે. કદાચ, તમે કોઈ વ્યક્તિ સાથે સખત નફરત કરો છો..., તેને તમે ધિક્કારો છો... એ તમને પણ ધિક્કારે છે..., તેમ છતાં તમે એને માર્ગમાં મળ્યા અને એક થોડું એવું 'Smyle' આપી દ્યો અને એનો તમે પ્રત્યુતર તપાસો. જે તમને ધિક્કારતો હશે એ જ તમારા વખાણ કરતો હશે !!! એ તમારો દુશ્મન મટી **દોસ્ત** બની જશે. તમારું હાસ્ય એ તમારા ફરતે એવું સુદૃઢ **કવચ** રચી દે છે, જે બીજા લોકોના ખરાબ મનોભાવ તમારા સુધી પહોંચતા અટકાવે છે. **હાસ્ય** માત્ર પોતાના જ નહીં પણ **સામી વ્યક્તિના મનોભાવને પણ સુધારી દે છે.** જે કામ હસવાથી થઈ જતું હોય તેના માટે ભસવું નહીં. **તમે હસશો તો બધા તમારી સાથે હસશે.** હસતો માણસ ક્યારેય એકલો પડતો નથી. ફક્ત માનવીના 'Smyle'માં આવી અમોઘ શક્તિ સમાયેલી છે, તો શા માટે આપણે એને ન વહેંચીએ?

ભગવાન શ્રીહરિ તો ભક્તોની કસોટી લેવા માટે પોતે પોતાની ઓળખાણ છુપાવીને ભક્તોની સાથે અનેકવિધ માનુષિક ચરિત્ર કરીને અંતે તેમને હાસ્યરસના પ્રવાહથી તરબોળ કરી દેતા. જેમ કે વિજાપુરના વજીબાઈની પરીક્ષા લીધી એ સમયનો વાર્તાલાપ(હરિલીલામૃત : ૭/૧૭) રમૂજ દૃઢ સમજ સાથે પણ ખૂબજ કરાવે તેવો છે, તેમજ વહેલાલમાં વખતબાને ત્યાં - કરિયાણામાં મીણબાઈને ત્યાં તથા સારંગપુરમાં જીવાખાચરને ત્યાં પોતે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન હોવા છતાં કોઈકની બીકથી સંતાઈ જવાની લીલા કરી હતી તેમજ જાળિયામાં મંદવાડ ગ્રહણ કરીને ભક્તોને થોડીવાર તો સંકટના સમયમાં પસાર કરીને પણ અંતે ચિર-સ્મરણીય **અપાર હાસ્યનું કારણ** બને તેવી ઘણી **લીલા** કરી હતી.

ચિંતક દોસ્તોવસ્કીએ લખ્યું છે : 'માણસના હાસ્ય પરથી તેને ઓળખી શકાય છે. કોઈ માણસને ઓળખ્યા પહેલા તેનું હાસ્ય તમને હૃદયથી ગમી જાય તો વિશ્વાસપૂર્વક કહી શકો છો કે તે માણસ ખૂબ ભલો છે.'

સંસ્કૃતમાં એક ઉક્તિમાં કહ્યું છે :- 'स्मितपूर्वाभाषणम् महतो लक्षणम्।' સ્મિતપૂર્વક બોલવું એ **મહાપુરુષનું લક્ષણ છે.**

✤ ✤ ✤ ✤

'સગરામ! તારા ઘરની તલાશ લેવી છે.'

'ભણે બાપું ! ઘરમાં બાઈમાણસ હોય એને બહાર બોલાવી લઉં...'

છૂપા વેશે શ્રીજીમહારાજ લીમલી ગામમાં સગરામ વાઘરીને ઘરે રહ્યા છે એવી જાણ થતાં સુરાખાચર અને બ્રહ્માનંદ સ્વામી ખોજતા ખોજતા ચડી આવ્યા છે.

છૂમ... છૂમ... છૂમ... ઝાંઝરના નાદ સાથે કૂબામાંથી ઘૂમટો તાણી હાથમાં દાતરડાની સાથે ત્રણ નારીઓ બહાર આવી.

'સગરામ...!'

'હા બાપુ!'

'આ પહેલા છે એ કોના ઘરના?'

'બાપુ! એ તો મારા ઘરના છે.'

'ઠીક, પછવાડે હાલ્યા જાય છે એ કોના ઘરના?'

'મારા ભાઈના ઘરના છે.'


'તો પછી વચ્ચે ચાલ્યા જાય એ કોના ઘરના?'

સ્ત્રીના વેશમાં રહેલા શ્રીજીમહારાજથી આ મર્મ બાણ સહન ન થયું. અને ઘૂમટા અંદર મલકાતું મુખારવિંદ એ ખડખડાટ હાસ્યની સાથે બહાર આવ્યું. 'અરે ! નથી ઓળખતા ? **લ્યો આ તમારા ઘરના !!!** ઓળખ્યા ?' અને તમામ ભક્તો ખડખડાટ હસી પડ્યા.



# ૩. કરુણ રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



ભગવાન શ્રીહરિના નેત્રોમાં **કરુણા** ભરી છે, કોઈ સ્વાર્થ ભર્યો નથી, આખું જગત પરમાત્માને બ્રહ્મરૂપ ભાસે છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : 'अतिकारुण्यनयनाय नमः।' - હે પ્રભુ ! તમારા નેત્રોમાંથી કરુણા વરસે છે. તમે કરુણામય દૃષ્ટિવાળા છો. ભગવાનના નેત્રોમાં લોભ, કામ-ક્રોધ નથી, રાગ કે દ્વેષ નથી, કેવળ કરુણા ભરી છે.

**'હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'**

ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ બ્રહ્માંડમાં આગમન એનું કારણ એક જ હતું... ભગવાન શ્રીહરિની કરુણા. એ કરુણાનિધિની કરુણાના અવલંબને અસંખ્યાત જીવો મોક્ષના માર્ગે આગળ વધ્યા છે, કરુણાથી મોક્ષનો માર્ગ વધારે વિશાળ બન્યો છે.

✤ ✤ ✤ ✤



'એય ! પાપણી તું દૂર જ રહેજે... અહિંયા આવતી નહિ.'

જેતલપુરની ગણિકા **લક્ષ્મીબાઈ** જાતે દળેલા ઘઉંના લોટને ઢગલા ભેગો નાખવા આવી ત્યારે ભક્તોએ અટકાવી.

ધિક્કાર છે મને અને મારી જાતને... મનમાં દુઃખના પહાડો ઉઠાવતી એ દૂર જઈને ઊભી રહી.

'કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય ! દયા આણી રે...' એવા ભગવાન શ્રીહરિ આશજીભાઈ પ્રત્યે બોલ્યા : ''આશજીભાઈ ! અહીં આવો. આ લક્ષ્મીબાઈ પાસેથી લોટ લઈ લ્યો અને દરરોજ અમારો થાળ એમાંથી બનાવજો, એવી મારી આજ્ઞા છે.''

''મહારાજ ! મહારાજ ! એ તો પાપણી છે... દેહને વેચે છે.'' આ રીતે બોલતા ભક્તજનોનું ટોળું વળી શ્રીજીમહારાજ પાસે આવ્યા.

''એણે ઘઉં દળ્યા, મારી મૂર્તિ અખંડ રાખી એટલે તેમના આજ સુધીના તમામ પાપકર્મ બળીને ભસ્મથઈ ગયા. હવે એ શુદ્ધ થઈ ગઈ છે.'' ભગવાન શ્રીહરિના કહેવા છતાં ભક્તોની શંકા દૂર ન થઈ.

''અરે ! લક્ષ્મીબાઈ ! આ હાથે પાટા કેમ બાંધ્યા છે ?''

''મહારાજ ! ઘઉં દળતા બહું આનંદ આવ્યો... તમારી મૂર્તિ અખંડ રાખી છે.'' આમ બે ત્રણ વખત લક્ષ્મીબાઈએ શ્રીજીમહારાજની વાતને ફેરવી નાખી.

પરંતુ...

''લક્ષ્મીબાઈ ! આ હાથે પાટા કેમ બાંધ્યા છે ?''

ભગવાન શ્રીહરિએ વાતને સ્પષ્ટ કરવાનો દૃઢાગ્રહ ચાલુ રાખ્યો...

ત્યારે રડતા નેત્રે લક્ષ્મીબાઈ કહે : ''મહારાજ ! આ હાથે કોઈ કામ કર્યું નથી, દેહનો જ વેપાર કર્યો છે. અને આજે આખી રાત્રિ ઘઉં દળ્યાં એટલે હાથમાં ફોડલા પડ્યા છે.''

શ્રીજીમહારાજે તેના હાથના ફોડલાં સભામાં દેખાડ્યાં

તેમ છતાં ભક્તજનોને હા ન પડી.

કરુણાસાગરને આ વાત સહન ન થઈ.

પછી પોતે પોતાના હાથ ઊંચા કર્યા અને કહ્યું : "ભક્તજનો ! જુઓ, આ મારા હાથની સામે !"

ભગવાન શ્રીહરિના હાથમાં તેવા જ ફોડલા પડેલા હતા. અને અંદરથી લોહી નીકળી રહ્યું હતું.

ભક્તો હેબતાઈ ગયા !

આ શું થયું ?

ત્યારે શ્રીજીમહારાજ કહે : "એ ફોડલા લક્ષ્મીબાઈના હાથમાં નથી પડ્યાં, પરંતુ અમારા હાથમાં પડ્યાં છે !"

કેવી છે કરુણાસાગરની કરુણા !!!

'करुणामय चारुलोचनं शरणायातजनार्ति मोचनम् ।
पतितोद्धरणाय तत्परं सहजानंद गुरुं भजे सदा ।।'

**'મારી ભૂલોના ભૂલનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી...'**

જીવોની કોઈપણ ક્રિયા એ પોતાના નિજ સ્વાર્થ માટે હોય છે, જ્યારે ભગવાન કે ભક્તોની ક્રિયા એ **પરોપકાર**ને માટે જ હોય છે. કેવળ કરુણાને આધીન બનીને હોય છે.

✤ ✤ ✤ ✤

રાતના એક પહોર, બે પહોર ને ત્રીજે પહોરે તો દોવળા ને ચોવળા થર બાંધી વાદળોએ આભને ઘેરી લીધું ! સ્વર્ગેશ ઈન્દ્રના કાફલા ઊતરી પડ્યા ! અને એવી તો ધણેણાટી બોલવા માંડી જાણે કાળનાં ડમરું વાગવા માંડ્યાં ! કાળાં ડંબર વાદળાંના ગડેડાટથી આભ આખું હલવા માંડ્યું ! હમણાં પડ્યું કે પડશે એવી ધ્રાસ્તી બેસી ગઈ. મેઘરાજા હાથમાં દાંડી લઈને ઘઘૂંબેલા આભનગારે જાણે ઘોંસા (મોટા પડઘમ)દેવા માંડ્યાં ! કડડડ કડ કડ કરતી, વાદળ વીંધતી વીજળી ધરતીમાથે ગડથોલા ખાવા માંડી ! ઘડીકમાં ઝળહળ પ્રકાશ, ઘડીકમાં ઘોર અંધારું, પવનના સુસવાટા ને હાથીની સૂંઢ જેવાં પડતાં પાણીનાં પરનાળાં જોઈ જોઈ સૌના મનમયૂર ગહેકી ઊઠ્યા.

જોઈએ તે કરતાં બમણું પાણી પડી ગયું. હવે બધાં તૃપ્ત થઈ ગયાં હતાં. પરંતુ વરસાદે તાંડવ ખેલવા માંડ્યું. જાણે જુગો જુગનો કોપ એક દિવસમાં ઉતારતા હોય તેમબારે મેઘ ખાંગા થઈ ધરતીને ધમરોળવા માંડ્યા. અનાવૃષ્ટિ અતિવૃષ્ટિમાં પરિણમી ! 'બસ બાપલા ! બસ કરો'ના અવાજો ઘરો ઘર ઊઠવા માંડ્યા. **ફલ્ગુ** નદીનાં પાણી ગામમાં ફરી વળ્યાં. નાનાં નાનાં ખોરડાં પડવા માંડ્યાં. જાણે **સારંગપુર** આજે **સાગર**માં પલટાઈ જશે કે જમીનમાં ?

સારંગપુરમાં શ્રીજીમહારાજ દેવાખાચરના ઘેર ફૂલવાડી જેવી ધડકી ઓઢી દૂધના ફીણ જેવાં ઓસાડવાળા ઢોલીયા પર પડખા ફેરવતા પોઢ્યા છે.

" હે દયાસિંધુ ! હે કરુણાસાગર !" હૈયું ફાટે એવી લખાભક્તની પ્રાર્થના પ્રભુએ સાંભળી. ઘર પડવાની તૈયારી છે ! પળનોય વિલંબ કર્યા વગર શ્રીજીમહારાજ પૂરપાટ પાણીમાં અડવાણે પગે એકલા દોટ મૂકી ! લખાભક્તની પ્રાર્થનાથી ભગવાન શ્રીહરિનું અંતર ભીનું-ભીનું થઈ ગયું. મહારાજ પહોંચ્યા ત્યાં તો મોભ પડું પડું થઈ રહ્યો હતો. શ્રીજીમહારાજે ઝટ દઈને મોભ ખભે ટેકવી દીધો. ભક્તે તો હજુ જોયા નથી. ભગવાન શ્રીહરિ અંધારીયા ખૂણે મોભ ધરીને ઊભા છે દેહ પર ઈન્દ્રના અભિષેક ઝીલતાં ! કેવળ ભક્તને માટે જ !!! કરુણાને આધીન થઈને જ !

વિજળીના ચોટદાર ચમકારામાં મોભ લઈ ઊભેલા શ્રીજીમહારાજ લખાભક્તની નજરે ચડી ગયા.


"અ ર ર... મહારાજ ! તમારે ખભે મોભ લેવો પડ્યો છે ? કેટલી કૃપા કરી ! હે કરુણાસાગર !"

તે મને યાદ કર્યા અને મારે આવવું જ જોઈએને ! શ્રીજીમહારાજ મીઠું મીઠું હસ્યા. વરસાદ વિરમ્યો. દસ-બાર માણસોને બોલાવી મોભને બીજો આધાર મૂક્યો. ભગવાન શ્રીહરિ છૂટા થયા. ખભો તપાસ્યો તો ઊંડો ખાડો પડી ગયેલો. અરે ! મહારાજ, આટલું બધું ખમવું પડ્યું ? આ તો ખાડો પડી ગયો !!

એ તો ક્યાંય રુઝાઈ જશે. પણ આ ભક્તના હૈયાના ઘા કોણ રુઝાવત ? ભગવાન શ્રીહરિએ કરુણા નીતરતી નજરે સૌ સામું જોઈ કહ્યું.

સંતો એ પરમાત્માના **કરુણ રસ**ને બિરદાવતા કહે છે :

**'હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'**



# ૪. રૌદ્ર રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



રૌદ્ર એટલે 'ક્રોધ અથવા **ક્રોધથી ઉત્પન્ન થતો ભાવ,** કઠોરતા.' સામાન્ય વ્યક્તિમાં સ્વાર્થની સિદ્ધી ન થાય એટલે ક્રોધ આવે, પરંતુ મહાપુરુષોની વાત અલગ છે. જીવ મોક્ષમાર્ગથી પડતો જણાય, ભગવાન કે ભગવાનના ભક્તને કોઈ પરેશાન કરે ત્યારે **રૌદ્ર** રસનું આગમન થાય. ઘણા ચરિત્રોમાં ભગવાન શ્રીહરિએ રૌદ્રતાના દર્શન કરાવ્યા, પરંતુ તેમાં પણ ભક્તો લોભાતા ! ગુસ્સામાં પ્રભુ વધુ પ્રિય લાગતા.

દાદાનો દરબાર આજે સ્મશાન વત બન્યો છે. ચકલુંય ફરકવા નથી માગતું. શ્રીજીમહારાજને પ્રાર્થના કરવા છતાં પ્રભુ જમવા નથી પધાર્યા. આજે મહારાજનો રંગ ફર્યો છે.

દાદાને મૂછનો દોરો ફૂટું ફૂટું થઈ રહ્યો છે, હજુ કાલ સવારે તો રાજગાદી પર પટ્ટાભિષેક થયો છે. એ બાળો રાજા તલવાર લઈ શ્રીજીમહારાજ સન્મુખ ઊભા ને કહ્યું : ''મને પણ સાથે લો, હુંય આવું છું.''

માંડવધારના માથાભારે તરીકે પંકાયેલા જેઠો ગોવાળિયો અને મેરામણ ગોવાળીયાના ત્રાસથી બચાવવા ભગવાન શ્રીહરિ આજે તેની છાતી માપવા તૈયાર થયા છે.

''ના, દાદા... તું અહીં જ રહે, તલવાર તારી લાવ... એમાં તું આવી ગયો !''

શ્રીજીમહારાજે ગાડું જોડવા આદેશ દીધો. ગાડું આવ્યું. રજવાડી ગાડું છે, પૈડાં પર રૂપાળી પાંદડિયું ખણકે છે, ગરુડના બચ્ચા જેવા બે બળદો જોડ્યા છે, ગાડીવાનના બળૂકા બાવડાનું કૌવત બળદની ફૂંકરાટી સાથે રમત રમે છે, રાત્રિ ઝમઝમ કરી જાય છે, ગાડીવાન ધ્રૂજતે હાથે બળદો હાંકે છે. માંડવધારમાં ધીંગાણું થશે એ વિચારમાં જ એના મોતિયા મરી ગયા છે.



ગામ આવ્યું. મહારાજના મુખની કાંતિ બદલાણી છે, ભ્રકુટિ તંગ થઈ ગઈ છે, બંને ભાઈઓના ઘેર ગાડું ઊભું રાખ્યું. ઝાંપો ઊઘાડ્યો. હળવેથી ભગવાન શ્રીહરિ ગાડાં ઉપરથી નીચે ઊતર્યા. બળદ છૂટા થયા કે ગાડાંની ઉંધ્ય ઊંચકી છીપરી સાથે જોરથી ઊંટડો પછાડ્યો. એક સાથે એકાવન તોપું ફૂટે તેવો નાદ થયો. ધરતી ધણેણી ઊઠી, દિકપાળ ડોલ્યા, ગામ આખું ધ્રૂજી ગયું, ધરતીકંપનો ડર વ્યાપી ગયો. જેઠો ને મેરામણ ઓરડામાંથી જુએ છે ત્યાં તો શ્રીજીમહારાજનું રૌદ્ર રૂપ ભાળ્યું. પણ બંને બહાદુરોના કાન પર કાળના તાંડવની ડફ વાગવા લાગી.

ભગવાન શ્રીહરિના હાથમાં સમશેર ચાંદાના અજવાળે ચમકી રહી છે. ભગુજી ને નાજો જોગિયો શ્રીજીમહારાજના આ રૌદ્ર રૂપ આગળ ઠીંગરાઈ ગયા હતા. પ્રભુના અંગેઅંગમાં વીરતા ઊભરાતી હતી.

''જેઠા..., મેરામણ..., અરે ! બહાર નિકળો, કેમ સંતાઈ રહ્યા છો?'' ભગવાન શ્રીહરિએ હાકોટો કર્યો.

જેઠો અને મેરામણ સાવજ જેવા શૂરા પણ શ્રીજીમહારાજના રૌદ્ર રસની આગળ શિયાળ બની ગયા.

ભગવાન શ્રીહરિ મધ્ય પ્રકરણના ૨૮મા વચનામૃત કહે છે : "...થોડીક વાતમાં કુરાજી પણ ન થઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થઉં. અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો કે કુરાજીપો થાય છે..."

મહાપુરુષો અને સામાન્ય માનવીમાં બસ એટલો જ ફરક છે કે, મહાપુરુષો વિચાર્યા વગર કોઈપણ કાર્યનો આરંભ કરતાં નથી અને જ્યારે આરંભ કરે છે ત્યારે તેમને કોઈ તાકાત રોકી શકતી નથી !

✤ ✤ ✤ ✤

વડોદરાની બજારું આજે ગાજી ઊઠી છે, શરણાયુના સૂર, ઢોલના પડઘમ અને ત્રાસાની રમઝટથી વાતાવરણ વધારે શોભાયમાન બન્યું છે. તારાની મધ્ય રહેલા ચંદ્રની જેમ ભગવાન શ્રીહરિનો નવગજો હાથી બજારમાં મદોન્મત્તતાથી ચાલી રહ્યો છે. નગરજનો આ સવારી જોવા તીડની માફક ઉમટી પડ્યા છે. જય...જયકારના નાદ બોલાય રહ્યા છે. પ્રભુ મંદ મંદ હાસ્ય રેલાવી જીવોને કૃતાર્થ કરી રહ્યા છે.

એ વખતે એક ઘટના ઘટી. એક ભીખારી શ્રીજીમહારાજની પાસે દયાની અરજી કરે છે. આખું શરીર રોગથી પીડાય છે, ઘણા દિવસોથી ભૂખ્યો હશે એવું એના શરીર પરથી જણાઈ આવે છે. ભગવાન શ્રીહરિએ તેની સામે જોઈને નજર ફેરવી લીધી. ભીખારી બીજી તરફ આવી આજીજીપૂર્વક અરજી કરવા લાગ્યો. શ્રીજીમહારાજે ફરીવખત દૃષ્ટિ ફેરવી લીધી. આમ, બે-ચાર વખત બન્યું.

આ દૃશ્ય શુકાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી જોઈ ન શક્યા. શ્રીજીમહારાજની પાસે પોતાનો હાથી ઊભો રાખી સ્વામી મહારાજને કહે : "નાથ ! આપ આટલા બધા નિર્દય કેમ બન્યા ? આ ભીખારીની સામે નજર પણ નાખવા તૈયાર નથી ? હે મહારાજ ! કૃપા કરી અને આ નિર્બળ ભીખારીનું દુઃખ ટાળો." હાથ જોડીને બંને સંતોએ પ્રાર્થના કરી.

"સ્વામી ! એ તો નહિ બને ! કૃષ્ણઅવતારમાં એ મારો સમોવડિયો હતો. માટે આખા બ્રહ્માંડને ઊગારવું મને કઠણ નહીં પડે તેટલું કઠણ આ ભીખારીની ઉપર દયા કરવામાં પડશે."

આ પ્રસંગમાં શ્રીજીમહારાજનો રૌદ્ર રસ પ્રગટ થાય છે.

✤ ✤ ✤ ✤

"બ્રહ્માનંદ, તમારું નામ?"

"હા."

" હં.... બ્રહ્માનંદ ! તું સમજી લે. બોરડી પર કાંટા અવળા-સવળા હોય છે તેમ અમે પણ અવળા સાથે અવળા અને સવળા સાથે સવળા છીએ. તારા સ્વામિનારાયણને કહેજે કે મારી સાથે સીધો વર્તે અને જે ધન ભેગું કર્યું છે તે મારા ચરણે મૂકી દ્યે. નહિતર હું સ્વામિનારાયણને પાતાળમાંથી પણ શોધી કાઢીશ. સ્વામિનારાયણને આજ સુધી શિંગડા વગરના મળ્યા છે પણ હું શિંગાળો છું. સમજ્યા ! (પછી હોકાની નળી પર હાથ નાખીને કહે :) બોલો, રામ્મો...રામ!"

અને બાવાઓ ગર્જ્યા : "રામ્મો...રામ!"

ગઢડાની ઉગમણી ભાગોળે ઉતરેલા ગેબીની જમાતની મેલીમુરાદ જાણવા બ્રહ્માનંદ સ્વામી અને દરબારો રાત્રિએ ગયા છે. ત્યારે મહંત ગેબીવાળો સ્વામીને ઉપરોક્ત પાજીપળાવના શબ્દો કહી રહ્યો છે.

સૂરજ આજે વહેલો ઉગ્યો. દાદાના દરબારમાં રણશૂરા દરબારોની રાંગમાં ઘોડા હચમચી ખૂંદવા લાગ્યા. નિત્યાનંદ સ્વામીએ ગગનભેદી શંખનાદ કર્યો. ઘોડાઓએ હણહણી હાવળ્યું દીધી.

શૂરાઓને જોઈને શ્રીજીમહારાજની ભ્રકુટિ પર રૌદ્ર રસ ટપકવા લાગ્યો. આંખના ખૂણે રક્તરેખાના ઈશારા થવા લાગ્યા, હોઠ અને હસ્તો ધ્રૂજારી લેવા લાગ્યા.

"બ્રહ્મચારી !"

"બોલો પ્રભુ ! અમારે શસ્ત્ર સજવા છે. કસુંબલ વસ્ત્રો, ફેંટો, ઢાલ, તલવાર, ભાલો ને બોકાનું - બધું લાવો. જલ્દી કરો." પડ્યો બોલ ઝીલનાર બ્રહ્મચારી ગયા અને તત્કાળ બધું હાજર કર્યું.

શ્રીજીમહારાજે વસ્ત્રો બદલ્યાં. રૌદ્ર રસનું આહ્વાન થયું. એક પછી એક હથિયાર અંગ પર ધારણ કરતા ગયા. હાથમાં તલવારી લીધી, વાંસે ઢાલ બાંધી, બોકાની વાળી લીધી. એક અચ્છા રણવીરને છાજે એવો વેષ મહારાજે ધારણ કર્યો. ...અને સંતોની મંડળી વચ્ચે આવી ઊભા રહ્યા !!

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપમાંથી ઝરતાં શ્રૃંગારરસ, હાસ્યરસ, કરુણરસ, શાંતરસના દર્શન ભક્તોએ ઘણી વખત કર્યા હતા. પરંતુ આજે ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં ઝરતાં રૌદ્ર રસના દર્શન કોણ ચૂક્યું હશે ?

# ૫. વીરરસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



''ભગત ભાગી જા ! ભાઈ ભાગી જા ! તારે માટે નહીં ભગત દેશને માટે તું ભાગી જા. તારો જીવ બચાવી ભાઈ ભગત ભાગી જા.''

૧૯૨૯ના દિવસે વિધાનસભામાં બોંબ ફેંકી ઊભાં રહેલા ભગતસિંહને બટુકેશ્વર દત્તે મોટા અવાજે ઉતાવળાં ઉતાવળાં કહ્યું.

પરંતુ ભગત અડગ છે.

**'Long Live Revoluation.'** - 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના અભયનારા સાથે ભગતસિંહ અડગ ઊભા છે. ઘણા વખતનું સ્વપ્ન આજે પુરું થતું હતું. પંદર વર્ષની ઉંમરે **શૂરવીર** રસ તેમના મનમાં ક્ષિતિજ પર સૂર્ય બનીને ચમક્યો હતો.

સ્વ બચાવની ભૂમિકામાં એક નાનું જીવ-જંતુ હોય કે મોટું પ્રાણી - મનુષ્ય હોય કે દેવ - જ્યારે પોતાના રક્ષણ ઉપર, પોતાના અસ્તિત્વ ઉપર પ્રહાર થતો દેખાય ત્યારે તેમનામાં સ્વતઃ આ રસ ઉત્પન્ન થાય છે. **જ્યારે વ્યક્તિની આસ્થા ઉપર પ્રહાર થતો જણાય ત્યારે તેનામાં શૂરવીરતા પ્રગટે છે.** જે વ્યક્તિ કે વસ્તુ માણસને ખૂબજ પ્રિય હોય તેની સાથે તે માનસિક - સામાજિક - સાંવેગિક - નૈતિક કે પછી આધ્યાત્મિક દૃષ્ટિએ જોડાયેલા હોય અને તે વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેની **આસ્થા** કે **શ્રદ્ધા** ઉપર જ્યારે બાહ્ય પ્રહારો થાય છે ત્યારે વ્યક્તિમાં **શૂરવીરતા** પ્રગટે છે. આ પ્રકારના પ્રહારો દેશ પ્રત્યેની આસ્થા ઉપર પણ થઈ શકે કે ગુરુ અથવા પરમાત્માની આસ્થા ઉપર પણ થઈ શકે.



**વીરરસ** એ માત્ર રણમાં જ પ્રગટ થતો નથી. તે કલમ દ્વારા કાગળ ઉપર પણ પ્રગટ થાય છે. માતાના હાલરડાં દ્વારા બાળકમાં ઉત્પન્ન થાય છે, દૃઢ-મક્કમ શબ્દો દ્વારા ભક્તિઓમાં રેડી શકાય છે, બહેનની લાજ બચાવવા નીકળેલા વીરમાં પ્રગટે છે. શુભ હેતુ માટે, કોઈના માટે વ્યક્તિ જ્યારે જીવે છે ત્યારે તે વીર બને છે. નહિતર શક્તિ, તાકાત, આવડત તો આંતકવાદીઓમાં પણ કેટલી હોય છે ? શહેરોના શહેરોને ધમરોળી નાખે તો શું એને આપણે શૂરવીર કહેશું ?

શૂરવીર તો હતા ધ્રુવજી ! માત્ર પાંચ વર્ષની ઉંમરે જંગલમાં તપ કરવાં નીકળી પડ્યાં. શૂરવીર તો હતા પ્રહ્લાદ ! તેમણે પિતાના અત્યાચારો સહન કર્યાં, પરંતુ ભગવાનનું નામન મૂક્યું. શૂરવીરતા દેખાડી સુપેડી ગામના નાના બાળ ડાયાભક્તે, નિષ્ઠાના જોરે મોતને પસંદ કર્યું !!!

મીરાંબાઈ, રાણાજીએ મોકલેલા ઝેરનો કટોરો પ્રેમથી પીઈ ગયા ! કારણ કે, તેમની શ્રીકૃષ્ણ પ્રત્યેની આસ્થાએ અભય બનાવી દીધા હતાં. અને જેને ભગવાન સાથે સંબંધ થાય છે તેને જગતની પરવા નથી હોતી. જે હરિના જન થાય છે તેમનામાં શૂરવીરતા એ એક **અનિવાર્ય શરત** બની જાય છે.

**'હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;**
**વિપતે વરચી રે, કે'દિ દીન વચન નવ ભાખે...'**

ભગવાનના જે જે અવતારો આ પૃથ્વી ઉપર થયા છે તે દરેક અવતારો સાથે કોઈ વિશિષ્ટ અસ્ત્ર કે શસ્ત્ર જોડાયેલું છે. રામઅવતારે ધનુષ્યબાણ રાખ્યા, કૃષ્ણઅવતાર સાથે સુદર્શન ચક્ર. અવતારોએ ગ્રહણ કરેલા શસ્ત્રો કે અસ્ત્રો એ વીરરસના દ્યોતક છે, પરંતુ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **વિશિષ્ટ શસ્ત્ર** દ્વારા તેમની **શૂરવીરતા** પ્રગટ કરી. તેઓએ હાથમાં તો પુષ્પ અને માળા જ રાખી છે. પરંતુ તેઓના **એક એક શબ્દો**નો **એક એક પડકાર**, તેઓનો દૃઢ નિશ્ચય, તેઓની મક્કમ આંખો, તેમના ભક્તોને હરહંમેશ આધ્યાત્મિક શૂરતાનું જ **રસપાન** કરાવતી રહી છે.

✤ ✤ ✤ ✤

''આ શું થયું ? માંગરોળમાં આજે ચકલુંય ફરકતું નથી ! પાદરમાં કોઈ કળશ્યો લઈનેય ઢૂંકતું નથી !'' પાકા બપોરે હળ છોડી ખેતરથી ઘેર આવેલા એક ખેડૂતે ઘરનાં માણસને પૂછ્યું.

''પીટ્યો દેવીવાળો **મગ્નિરામ** આવ્યો છે. આથમણી કોરે ઊતર્યો છે.'' કોઈ સાંભળી ન જાય તેમ બાઈ બોલી.

''હેં....! મગ્નિરામ!!'' કણબીની આંખ ફાટી ગઈ. હેંકારો થઈ ગયો.

''નવાબ વજરુદિનની દમડી છૂટે તો સારું, નહિતર હમણાં માંગરોળનું આવી બન્યું !'' કણબીએ મગ્નિરામની **તોબા** (ઉપાધિ) સંભારવા માંડી.

ભગવાન શ્રી **સ્વામિનારાયણ**નું નામ મગ્નિરામને કાને પડ્યું. એમને પાણી બતાવી દેવા એણે દાંત કચકચાવ્યા. સિદ્ધાઈની કાળપ એની આંખોમાં ભરી હતી એટલે ઊજળું સત્ય એ ક્યાંથી જોઈ શકે ?

શ્રીજીમહારાજ એક વૃક્ષતળે વેદી ઉપર સ્થિર મુખમુદ્રામાં બેઠા હતાં. સામે નિડર હરિભક્તો બેઠા હતાં. મગ્નિરામદૂર ઊભો રહ્યો. એમકે હમણાં સ્વામિનારાયણ ઊભા થઈ મને આવકારશે, પરંતુ ભગવાન શ્રીહરિએ તો મુખકમળથી વહેતી ઉપદેશગંગાને ચાલુ જ રાખી. એની સામે પણ ન જોયું !

મગ્નિરામને થયું : 'આ શું ? મને જોઈ એના ભક્તોના પેટનું પાણી પણ હલતું નથી !' એને ક્યાંથી ખબર પડે કે ભગવાન શ્રીહરિના વીરરસથી ભક્તો પણ વીર બની ગયા છે.

''એય સ્વામિનારાયણ ! પાખંડ કેમ ચલાવો છો ? સાચો સિદ્ધ તો હું છું. સિદ્ધાઈ હોય તો બતાવો ?'' મગ્નિરામે દમ દાટી દેવા માંડી.

''અમે સિદ્ધાઈમાં માનતા નથી, જીવોને ધર્મ-ભક્તિ તરફ વાળીએ છીએ.'' શ્રીજીમહારાજે સ્મિત કરી કહ્યું.

'' તમે મને ઓળખો છો ? મારું નામ મગ્નિરામ! મોટા રાજાઓ મારા ચરણ ચૂમે, સિદ્ધીઓ હાથમાં રમે, એક ધુંબે વરસાદ લાવું ને પાણી ઉપર આગ લગાઉં ! મારી હાકથી પર્વત ફાટે, આ દુનિયાનો સૌથી મોટો સિદ્ધ તો હું છું. માટે પાકું સીધ્ધું અને દશ હજાર સોનામહોર ગણી આપો.''

'' રૂપિયા અમારી પાસે નથી, વળી કહેતા હોય તો સદાવ્રતમાંથી જમાડી દઈએ.'' ભગવાન શ્રીહરિએ નિડરતાપૂર્વક જવાબ આપ્યો.

મગ્નિરામને પોતાની હાંસી થતી હોય એમ લાગ્યું : '' એય ગંડકીદાસ ઈધર આ. જમીન પર મેરા ત્રિશૂળ લગા દે.''

અને અડદો તથા મારણ મંત્રોનો પ્રહાર કરે છે, પણ જાણે આજે પ્રભુએ **વીરરસ**ને અંગીકાર કરી સામી છાતીએ લડી રહ્યા છે.

જ્યારે ધર્મની વાત હોય ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની **દયાળુ પ્રકૃતિ** દૂર કરી **શૂરવીરતા** પણ બતાવી છે. તેથી હજી તો શ્રી મહાપ્રભુ નીલકંઠ વર્ણી લોજ ગામમાં નવા આવ્યા અને મોટા સંતોની પાસે ગોખલો પૂરાવ્યો, બાઈભાઈની સભા અલગ કરાવી. **વચનામૃત** જે એમની **પરાવાણી** છે તેમાંથી પણ આપણને તેઓના **વીરરસ**નું પાન થાય છે.

''...પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતાં હોય ને તે પોતાનાં સગાવહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો... સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો.''

(વચનામૃત : ગ.મ. ૨૬)

''... અને વળી સાધુદાવો છે માટે હૈયામાં સમજી રહીએ છીએ, પણ જો રાજાના જેવી રીત હોય તો તેને માથે ઝાઝો દંડ થાય.'' (વચનામૃત : ગ.મ. ૩૩)

''...એવો અમારો દયાવાળો સ્વભાવ છે તોપણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો વહાલો હોય તોય પણ જાણીએ જે, તેની આંખ્ય ફોડી નાખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુઃખવે તો તે હાથને કાપી નાખીએ. એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી...'' (વચનામૃત : ગ.મ. ૬૦)

''...તેની ઉપર તો એવી રીસ ચડે જે, શું કરીએ સાધુ થયા નહિ તો એનું કાંઈક તાડન કરીએ.'' (વચનામૃત : અં. પ્ર. ૨૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણનો એ વીરરસ સંતોની રગેરગમાં ઉતરી ગયો હતો. માન-અપમાન સર્વે દુઃખો સહન કરી વીરરસને આશરે **કષ્ટોને પડકાર** ફેંકતા.

એકવાર સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી આ કહ્યા તેવા

**અનુસંધાન પેજ - ૨૫ પર...**





# ૬. ભયાનક રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

'હાજર થાવ... **કાળ, મહાકાળ...!!'** આવા ઘેરા શબ્દોના પડઘા બ્રહ્માંડોમાં પડવા લાગ્યાં!

અચાનક શ્રીજીમહારાજની ભ્રકુટિ વંકાઈ ગઈ, કે પૃથ્વીએ જાણે એક આંચકો લીધો! આંખોમાં ખુન્નસ ભરાઈ ગયું! આંખોમાંથી અંગાર ઝરતા હોય તેવા લોચન લાલચોળ થઈ ગયા! રોમાવલી ઊભી થઈ ગઈ! ઘડીકમાં ચહેરો ધગેલ ત્રાંબા જેવો થઈ ગયો! દંતાવલી ભેગી થઈ ગઈ! જમણા હાથની મુઠ્ઠી વાળી ભગવાન શ્રીહરિએ જોરથી ડાબા હાથની હથેળીમાં પછાડી! જાણે દશે દિગ્પાળ ડોલી ગયા એવો બ્રહ્માંડમાં નાદ ગાજ્યો! હમણાં પ્રલય થયો કે થશેના ભણકારા વાગવા લાગ્યા!

શ્રીજીમહારાજે કહ્યું : ''આજે બ્રહ્માંડ બોળવામાં મને સંકોચ નહિ થાય. અસુરોનું જોર ચઢી બેસશે તો મુમુક્ષુતા મરી પરવારશે... મારી મરજી વિરુદ્ધ ચાલે છે તેને હું અનુકુળ બનું? આજે તો સૌની સાન ઠેકાણે લાવવી છે!''

મુક્તાનંદ સ્વામી તથા પોતાના પ્રાણસમા પ્યારા સંતોને લોલંગર બાવાઓએ આજે બેફામમાર્યા છે, મુકતાનંદ સ્વામીની આંખોમાંથી ટપકતાં લાલ લોહીની ટશરે મહારાજને વ્યથિત કરી દીધા. ભગવાન શ્રીહરિથી સહન નહોતું થતું. ગરીબ જેવા સાધુઓ કીડીને પણ ન દુભવે તેની આ દુર્દશા! ભક્તો પ્રત્યેના પ્રેમ, કરુણા અને દયાનું પરિણમિત બીજુ સ્વરૂપ એ એમનું **'ભયંકર'** સ્વરૂપ! ભક્તોની રક્ષાને માટે તેમને આ **ભયાનક** રસનું પાન કરાવવું પડે છે.

આમતો આપણા જેવા જીવો પણ વારંવાર ભયંકર સ્વરૂપ ધારણ કરે છે. (અથવા પ્રગટ થઈ જાય છે!) પરંતુ તે જ્યારે 'અહં' ને 'મમત્વ'માં કંઈક ગાબડાં પડે તો! આપણું અપમાન થાય કે આપણી માનેલી વ્યક્તિ કે પદાર્થ ઝૂંટવાઈ જાય ત્યારે આપણું રૂપ છતું થઈ જાય છે. કામાતુર, ક્રોધાતુર, લોભાતુર, સ્નેહાતુર અને માનાતુર આ પાંચ દોષોના પૂર જ્યારે પ્રચંડ વેગે ધસમસતા હોય અને તેમાં કોઈ સ્થિતિ કે વ્યક્તિ **બાધારૂપ** બને ત્યારે અનેક વર્ષોની **સાધના અને સમજણ** હોવા છતાં આપણે **'ભયાનક'** બની જઈએ છીએ. સામેનાને છિન્ન-ભિન્ન કરી નાંખવાના હેતુથી ડરામણું-બિહામણું સ્વરૂપ બતાવીએ છીએ. પરંતુ આવું વરવું રૂપ અત્યંત પીડાદાયક, દુઃખરૂપ ને ત્રાસરૂપ બની રહે છે. જ્યારે ભગવાન કે મહાપુરુષો આવું **ભયાનક રૂપ** ધારણ કરે ત્યારે હંમેશા તે **સુખ** અને **શાંતિ** પ્રસરાવતા હોય છે. કેમ કે એમણે તો ગ્રહણ કરેલો, ઉછીનો લીધેલો સ્વભાવ છે અને તે પણ ભક્તોના શાશ્વત સુખ માટે જ.

✤ ✤ ✤ ✤

સં. ૧૮૭૦નું વર્ષ છે. ભાદરવો બેસી ગયો. નદીનાળા ઊભરાઈ ગયા છે, ચારેબાજુ લીલીછમ ધરતી પર મોલ લહેરાઈ રહ્યા છે. શ્રીજીમહારાજ ગઢપુરથી સોરઠ બાજુ વિચરણમાં નીકળ્યા અને

આવી પહોંચ્યા **વરજાંગ જાળિયા**માં હીરાભાઈ ઠક્કરને આંગણે...

ગયા વરસે ભયંકર **અગનોતરો કાળ** પડ્યો હતો ત્યારે શ્રીજીમહારાજે પોતાની શક્તિથી **ભયંકર સંહાર** અટકાવ્યો હતો. એટલે રૂદ્રનો કોપ પુરો થઈ શક્યો નહિ. કરુણાસિંધુ શ્રીહરિએ એ કોપની અગનજાળ જાણે પોતાના શરીર પર ઝીલી એમ **કાળજ્વર** અંગીકાર કર્યો.

લીધેલો વેષ સંપૂર્ણ ભજવવા તેર-તેર ઉપવાસ નિર્જળા થયા. આમ તો મહારાજ જે માગે તે હાજર કરવા હીરાભાઈ અને કલુબાઈ તત્પર રહેતા. તેઓ ભગવાન શ્રીહરિનો પડ્યો બોલ ઝીલતા.

‘‘હીરાભાઈ... ક્યાં છે હીરોભાઈ ?’’ પ્રભુ એ મધરાતે ભર નિંદ્રામાંથી જાગ્યા અને બોલવા લાગ્યા.

હાથ જોડતાં હીરાભાઈ બોલ્યા : ‘‘હા મહારાજ ! શી આજ્ઞા ?’’

‘‘અમારે જલેબી ખાવી છે... જલેબી ?’’ અચાનક શ્રીજીમહારાજે ખાવાનું માગ્યું તેથી સૌ કોઈને ચિંતામાં મૂકી દીધાં ! મુક્તાનંદ સ્વામી અને હીરાભાઈ બંને ગુસપુસ (છાની-ચર્ચા) કરતા હતા. એમ કે અત્યારે જલેબી ક્યાંથી મળે ? કેમકરીશું ?

આથી મહારાજે એકદમ ત્રાડ પાડીને કહ્યું : ‘‘ભૂજની બજારમાં જોઈએ તેટલી જલેબી મળે છે અને મને પાશેર જલેબી માટે ના પાડો છો ?’’

શ્રીજીમહારાજને કેમ કરી સમજાવવા કે આ નાનકડું જાળિયા ગામ છે. ભૂજ તો કેટલાય ગાઉ દૂર રહ્યું !

બધાને સુનમુન જોઈ ભગવાન શ્રીહરિ કહે : ‘‘ જલેબી ન આવે ત્યાં સુધી જવનો પોંક લાવો.’’

એટલે ભગુજીથી બોલાઈ ગયું : ‘‘હે પ્રભુ ! આસો મહિનામાં જવ ક્યાંથી હોય ?’’

ફરી શ્રીજીમહારાજ ધગેલ તાંબા જેવી લાલઘુમ આંખો કરી કહેવા લાગ્યા : ‘‘આવડું મોટું પૃથ્વીનું પડ છે, લાખો મણ જવ પાકે છે ને અમારે મૂઠી જવ જોઈએ છે તેમાં ના પાડો છો ?’’

મુક્તાનંદ સ્વામી અને ભક્તોએ તે સમયે મહારાજના આ ભયાનક રૂપના કેવા નીરખી નીરખીને દર્શન કર્યા હશે !!

પરમાત્મા કે મહાપુરુષોને ‘મા’ જેવા **કોમળ હૃદયથી** સંબોધવામાં આવે છે. જે વૃક્ષની માફક પથ્થરની સામે ફળની ભેટ આપે છે. પરંતુ જ્યારે દ્વેષીલાઓના જોર વધે ત્યારે ખુદાને પણ **કરડી નજર** કરવી પડે છે. અને એ **ભયાનકતાનું રૂપ** એ અનેરું અને **રસદાયક** હોય છે જ્યારે પાપીને એ **બિહામણું** અને **દુઃખદાયક** લાગે છે.

✤ ✤ ✤ ✤

‘‘મહારાજ ! શ્રીમંત સરકારને ખૂબ ભાવ છે. એમના અંતરની ઈચ્છા છે કે વાજતે-ગાજતે આપને સંતો અને સખા સંગે **વડોદરામાં પધરાવવા** છે.’’

વડોદરાના નારુપંત નાનાએ શ્રીજીમહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા ને **આમંત્રણ પત્ર** ભગવાન શ્રીહરિના હસ્તકમળમાં મૂક્યો.

મૃત્યુલોકનું ગરુડ ગણાતી માણકીની પીઠ પર મહાપ્રભુ અસવાર થયા. માણકી ફરતે કાઠીડાયરો, રાંગમાં (જૂથમાં) રમતાં ઘોડાઓ, ઘોડાની હાવળ્યો ને ઊડતો ગુલાલ... પૃથ્વીપટે પરબ્રહ્મ આજ જાણે એક **મહાન ઓચ્છવ** કરી રહ્યા હતા ! શ્રીજીમહારાજના દર્શન કરવા નરનારીઓ ટોળે વળ્યા છે. વટપત્તનમાં **પ્રવેશ** કર્યો ત્યારે સૂરજના સારથીએ ઉષાની મદદ લઈ નિશાએ વેરેલા ચોતરફના ચાંદરડા વાળી ઝૂડી સાફ કરી નાખ્યાં હતાં. સૂરજદાદાનો રથ હાલું-હાલું થઈ રહ્યો હતો. સવારીમાં ગાજતાં ભેરી-પડઘમને ડફના નાદ સાથે સૌનાં હૈયાં મહાપ્રભુ શ્રીહરિમાં હરાઈ ગયા હતા.

રાજાએ શ્રીજીમહારાજને દેવઘરમાં પધરાવ્યા. આસન પર બિરાજમાન થઈ પ્રભુએ પૂજા સ્વીકારી. સભાખંડ ભક્તજનોથી ચિક્કાર ભરાઈ ગયો હતો. ભગવાન શ્રીહરિના સિંહાસનની આજુબાજુ પાર્ષદો શસ્ત્રસજ્જ બની ઊભા હતા. મહારાજની દૃષ્ટિ કોઈકને ખોળી રહી હતી. એ હતો સયાજીરાવ ગાયકવાડનો દ્વેષિલો દીવાન, એની બેઠક ખાલી હતી.

એનું કારણ અધમની સાથે મહારાજની ભયાનકતા...

શ્રીજીમહારાજને મારવાના અનેક કાવતરાઓ, પકડવાના અનેક પેંતરાઓની સામે મહારાજ અડગ રહ્યા છે. દીવાનને બધે નિષ્ફળતા જ મળી છે.

અને દીવાન આવ્યા.

જેમ બાજ તેતરને પીંખી નાખે એમ શ્રીજીમહારાજ શબ્દ ઘા વડે દીવાનને વિંધવા માંડ્યા.

‘‘દીવાનજી ! તમે સરકારને ભંભેર્યા હોય તો ભલે, પરંતુ અમે કોઈનું રાજ લેવા આવ્યા નથી. એ તો અમને નરક તુલ્ય મનાઈ ગયું છે... વળી, તમે અમારા સંબંધી એલફેલ વાતો ફેલાવતા હશો પણ અમે સામવેદી બ્રાહ્મણ છીએ, સાવર્ણી ગોત્ર ને કૌથુમી શાખા છે. અમે ભૂદેવ-બ્રાહ્મણ થઈને ધારો કે બીજાનું જમ્યા હશું તો પ્રાયશ્ચિત્ત કરીને પણ શુદ્ધ થઈશું, પણ તમે તો બ્રહ્મબીજ જ નથી. લાખ અશ્વમેધ યજ્ઞ કરો તોપણ બ્રાહ્મણ થવાને સમર્થ નથી.’’

અનુસંધાન પેજ - ૨૫ પર...

# ૭. બીભત્સ રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



રસઘન રસીલી દિવ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ **સર્વ રસથી પૂર્ણ** છે, પરંતુ જ્યારે **મનુષ્યચરિત્ર** કરે છે ત્યારે લૌકિક **જુદા જુદા રસ** બતાવે છે. પ્રત્યેક રસના દરેક બિંદુનો આસ્વાદ માણી લેવા જેવો છે. ભલેને તે **'બીભત્સરસ'** કેમ ન હોય ? **બીભત્સ રસ એટલે શું ?** બીભત્સ એટલે ચીતરી ચઢાવે તેવું ! મોઢું કટાણું થઈ જાય ને પેટ અમળાવા લાગે ને ઉબકે ચઢી જવાય તેવું ! અરે ! આવો રસ શા માટે પીવો ? શા માટે ભગવાન શ્રીહરિ પણ આ રસનું પાન કરાવતા હશે ? હા, એમનો આ રસ પણ એટલો જ **દિવ્ય** છે. એટલો જ **અમૃતમય** છે, ગુણકારી છે !


આપણે જીવદશાવાળા તો બાહ્ય રંગ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને જોવા-માણવા ટેવાયેલાં છીએ. એટલે જ કાળું-કૂબડું કે બેઢંગું રૂપ હોય, કાબરચીતરું કે કુરંગી હોય, કે દુર્ગંધ આવતી હોય તો તરત આપણું મોઢું બગડી જાય, ઊલટી જેવું થવા માંડે, પણ આ બીભત્સરસ પ્રભુનો એવો છે કે, જેમાંથી પ્રેમ ટપકવા લાગે... આનંદ આવે. કોઈને ડૂબાડે છે તો કોઈને તારે તો વળી કોઈને એ રસ પીવડાવી અને ધન્ય બનાવી દે છે. પોતાના અમરપદનો અધિકારી બનાવી દે છે.

✤ ✤ ✤ ✤

'ઘનશ્યામ! તમે અહીં આવો.'

ઘરમાં કોઈને ન જોતા બાળપ્રભુ રડવા લાગ્યા. પ્રભુને રડતા જોઈ આંગણામાં કામકરતા ભક્તિમાતા એમબોલ્યા.

ત્યારે માતા સામું જોઈ ભાંખડીયે (ઢીંચણભેર) દડ... દડ... દોડીને ઉતાવળા ચાલ્યા. અને લીંપવાની ગાર્યની ઢગલી હતી ત્યાં બેઠા. પછી તે ગાર્ય લઈને પોતાના શરીર ઉપર ચોપડી. જાણે કે **બીભત્સ રસના વસ્ત્રો** બાળપ્રભુએ **પરિધાન** ન કર્યા હોય ! પ્રભુએ બાળપણથી જ **બીભત્સ રસ** અંગીકાર કરી **પવિત્ર** બનાવ્યો.



સામાન્ય માનવીની દૃષ્ટિએ **બીભત્સ રસ** એ મોક્ષના માર્ગમાં **વિઘ્નરૂપ** જણાય છે. કારણ કે, જેનાથી **સંશય** અથવા **મનુષ્યભાવની પ્રતીતિ** આવી જાય છે. પરંતુ **મુમુક્ષુજનો માટે** એ બીભત્સ રસ ભગવત્ સંબંધથી **મોક્ષનો દરવાજો** બની જાય છે.

✤ ✤ ✤ ✤

જૂનાગઢની ભરબજારે **નવગજા હાથીની સવારી** ઉપર **શ્રીજીમહારાજ** વિરાજમાન થયા છે. એક બાળકે આપેલી કાકડી માનસસરનો હંસલો જેમ મોતી ચણે એમ કટક-કટક ભગવાન શ્રીહરિ કાકડી બટકાવવા લાગ્યા. બંને હાથમાં એક-એક કાકડી ઝાલી મહારાજ આરોગે છે. એમને નથી કોઈ શંકા કે શરમ. બસ, એક ભાવિક-જનના ભાવને બે હાથે પંપાળી રહ્યા છે. ભક્તો તો આ દૃશ્ય જોઈ ભક્તવત્સલ-ભગવાનના જય જયકારમાં હરખી ઊઠ્યા.

આ જ ક્ષણે એક નાગર દીવાન નવાબ સાહેબના કાનમાં કંઈક કહેતો હતો : 'लोग उसे खुदा कहते है ?' - તમે જેને

ખુદા-તાલા, પરવરદિગાર કહો છો, તે છડી સવારીએ - આટલા માણસો વચ્ચે પણ કાકડી ખાતા શરમાતા નથી ! વિવેકનો છાંટો છે ? ગમારની પેઠે ભચરડે છે ! આને તે ભગવાન કહેવાય ?

બાબી બહાદુર નવાબ હમીદખાને દીવાન સામે જોયા વગર જ એ સલૂણી મૂર્તિમાં વૃત્તિ પરોવી દીધી હતી. એ અણમોલ દર્શન લૂંટી રહ્યા હતા. નવાબની આંખો અને શ્રીજીમહારાજનાં નેણકમળ એક થયાં, દૃષ્ટિ સંધાણી, મહારાજ મલકાયા, પાંપણ કે એ મૂર્તિ નવાબના અંતરમાં જડાઈ ગઈ. મહાપ્રભુના **બીભત્સ રસ**થી ડઘાઈ ગયેલો પેલો દ્વેષી દીવાન હજું કંઈક કહી રહ્યો છે - 'શું તમે આને ખુદા માનશો ? કોઈએ ભરમાવ્યા લાગે છે !'

નવાબની ભાવ સમાધિ તૂટી. તેણે આંખો ફેરવી દીવાનને કહ્યું : 'स्वामिनारायण सचमुच खुदा है, खुदा को किसकी अदब ! तुम उनकी हुक्मउदूली करते हो. तुम नामुराद हो कि इन खुदा के खातिरदारों की ईबादत को भी तुम्हारी आंखे नहीं देख सकती !'

દીવાનજીને નવાબના શબ્દો આકરા લાગ્યા પણ શું કરે ! તેની મુરાદ નવાબને ભરમાવવાની હતી પણ પાર પડી નહી.

ફરીવાર ભગવાન શ્રીહરિએ નવાબ સામે મીઠી નજર કરી. નવાબને એમાં **દુવાનો** (આશીર્વાદનો) **દરિયો** લાધ્યો.

સવારી ચાલી ગઈ, પરંતુ નવાબનું હૈયું હરતી ગઈ. એ સવારીની દિશામાં મટકું માર્યા વગર **નિર્નિમેષ** જોઈ જ રહ્યા. શ્રીજીમહારાજનું કાકડી જમતું **સૌમ્ય મુખારવિંદ** એ વીસરી શક્યા નહીં.

શ્રીજીમહારાજના બીભત્સ રસથી આકર્ષાયેલા નવાબને અંતવેળાએ મહાપ્રભુ શ્રીહરિ તેડવા આવ્યા. માટે જ કહ્યું છે : 'કંઈકને તારે છે અને કંઈક ભગવાન શ્રીહરિના ચરિત્ર (આસુરી મતિવાળા) દુર્બુદ્ધિને ડુબાડે પણ છે.'

**અનુસંધાન પેજ ૨૧નું ચાલું...**

સંતોનું મંડળ લઈ વિચરણમાં નીકળેલા, ગામોગામ સદુપદેશ દેતું તેઓનું મંડળ વૈરાગીઓની હડફેટે ચડ્યું. સ્વામિનારાયણના સાધુને જોતા બાવાઓને ખુન્નસ ભરાઈ આવ્યું. સંતોને મારપીટ કરવા લાગ્યા.

''અરે ઓ બ્રહ્મદેવ ! આ તલવાર તમે હાથમાં લઈ લો !''તલવાર મૂકી અને કોઈ કામ માટે ગયેલા બાવાને બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું.

''કેમ ? વળી...''

''તમને મારપીટ કરતાં પણ આવડતું નથી લાગતું ! અમારા કેટલાય સાધુઓ ક્ષત્રિય છે. તેઓ તલવાર સારી રીતે ચલાવી જાણે છે. આ વેગળી તલવાર જોઈને જો **શૂરાતન** ચડશે તો ... તમને એકેએકને ભોં ભેગા કરી દેશે. એકેય જીવતા નહીં રહો અને અમારા સાધુના અહિંસાધર્મમાં પણ ખોટ આવશે. વિચારો ! 'બદલાની ભાવના તો નહિ, ત્રાસ ગુજારનારની પણ સલામતી ઈચ્છે !!''

કોની પાસે હશે આવી **શૂરવીરતા ?** ક્યાંથી મળી, આવી શૂરવીરતા ?

સ્વયં શ્રીજીમહારાજે સંતોને શૂરવીર રસના ઘૂંટડા ગળા નીચે ઉતાર્યા હતા.

ઈ.સ. ૧૮૨૩નો એક રિપોર્ટ જણાવે છે :-

'The Various orderd of religious mendicants used to take ample adavatage of the peaceful professions of his disciples by beating them sometimes unmercifully but no instance ever occured of this violence being resisted.

(Asiatic Journal - London, A.D. 1823)

''બીજા વૈરાગીઓના જૂથો એમના(ભગવાન શ્રી સ્વામિનારાયણના) શિષ્યોની શાંતિપ્રિયતાનો **ગેરલાભ** ઊઠાવતા અને ક્યારેક નિર્દયતાથી મારતા. પણ આ **હિંસાનો પ્રતિકાર** હિંસાથી કરતો **એકપણ પ્રસંગ** ક્યારેય બન્યો નહોતો.''

**અનુસંધાન પેજ ૨૩નું ચાલું...**

શ્રીજીમહારાજ બોલ્યે જતા હતા. આંખો લાલ થઈ ગઈ હતી. સયાજીરાવને દીવાનના દુષ્કૃત્યની ખબર હતી. તેમને થયું આ મૂર્ખ દીવાન જરૂર વીફરશે, એટલે તેમણે (સયાજીરાવે) બાજુમાં જ બેઠા હોઈ - મહારાજનો ચરણ દબાવ્યો. એમ કે હવે વધુ નહિ બોલો, પ્રભુ ! ક્ષમા કરો...!

પરંતુ આજ મહાપ્રભુએ **ભયાનક રસની ભયંકરતા** દીવાનને દેખાડી તે શે પાછી વળે ?

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યેક રસ **'દિવ્યરસ'** છે. પરંતુ સાથે સાથે એવું ક્યારેય ન કરીએ કે તેમને આ રસ ના છૂટકે કોઈના માટે ઉલેચવો પડે !!

# ૮. અદ્ભુત રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



ઉનાળાની શીતળ રાત્રિએ અગાશી ઉપર સૂતાં સૂતાં ક્યારેક આકાશ ઉપર નજર નાંખીએ અને આંખો સામે ઝગમગતા તારાઓ, ગ્રહો અને શીતળતાનું અભયદાન દેતા ચાંદામામા, તેમજ નક્ષત્રોનું વિશ્વ આંખો સામે ખૂલી જાય છે. મન **આશ્ચર્યની ધારા**માં વહેવા લાગે છે કે આ બ્રહ્માંડને કોણે પકડી રાખ્યું હશે ? આ સૂર્ય અને ચંદ્રને કોણ ઉદય-અસ્ત થવાનું કહેતું હશે ? આ શીતલ વાયરો કોણ બનાવતું હશે ? ચંદ્રની કળા વધે-ઘટે અને પૃથ્વી ઉપર સમુદ્રમાં ભરતી ને ઓટ આવે ! વિવિધ ફૂલ ને દરેકની નિરાળી સુગંધ ! બીજમાંથી વૃક્ષ અને બુંદમાંથી જીવ બનાવવાની એવી તે કેવી ફાવટ !, છે ને **અગણિત અદ્ભુત ચમત્કારો**થી સભર સૃષ્ટિ !!!

**'પૃથ્વી તણો પીંડો કર્યો, એ રજ લાવતો ક્યાંથી હશે !**
**જગ ચાક ફેરવનાર કુંભાર બેઠો ક્યાં હશે !**
**આકાશના ઘડનારના ઘરને ઘડ્યા કોણે હશે !**
**અને અવકાશની માતતણા કોઠા કહો કેવડા હશે !**
**કાળી કાળી વાદળીનો ગોવાળ કેવો કાળો હશે !**
**વીણ આંચળે દોહનાર એ ગોવાળ બેઠો ક્યા હશે !**
**દરિયા તણો ક્યારો કર્યો, કુવો કહો કેવડો હશે !**
**કોશ હાંકનાર તો ખેડૂત ઊભો ક્યાં હશે !'**



તેમાંય મનુષ્ય શરીર એ તો પરમાત્માનું સૌથી અદ્ભુત સર્જન ! આ શરીરની રચનાને જોઈ મોટા મોટા વૈજ્ઞાનિકો પણ હરહંમેશા આશ્ચર્યનો અનુભવ કરે છે. તેઓ ચંદ્ર ઉપર પહોંચવા યાન બનાવી શકે છે, પરંતુ વનસ્પતિનું એક પાન કે શરીરનું એક અંગ બનાવી શકતા નથી, ત્યારે નતમસ્તક બની પરમાત્માની શક્તિ સામે અહોભાવથી ઝૂકી જાય છે. આવા જ એક અનુભવમાંથી પસાર થઈને મહાન વિજ્ઞાની **ન્યૂટન** લખે છે :

'In the absence of any other proof the thumb alone would convince me of God's existence.' (Sir Isaac Newton)

'બીજા કોઈપણ સબુતની ગેરહાજરીમાં એક અંગુઠો જ ખાલી (માત્ર) બહુ છે કે જે મને ભગવાન છે તેવો અહેસાસ આપે છે.'

આશ્ચર્યચકિત થવું અને **અદ્ભુતતાનો અનુભવ** કરવો એ બેમાં ફેર છે. જેમ મૂલ્યવાન અને દુર્લભમાં ફેર છે. મૂલ્ય આપીને મેળવી શકાય તે મૂલ્યવાન, પરંતુ મૂલ્ય આપતાં પણ ન મળે તે દુર્લભ. તેમજ્યારે કોઈ મનુષ્ય અસાધારણ કાર્ય કરે ત્યારે જે લાગણી ઉત્પન્ન થાય તેને **આશ્ચર્ય** કહી શકાય. પરંતુ જે મનુષ્યનું કર્તવ્ય નથી કેવળ ભગવાનનું જ કર્તવ્ય છે તે જોતાં થકા જે **ઉમળકાં** જાગે, અને **વિલક્ષણ રસ**નો જે અનુભવ થાય તે છે **'અદ્ભુત રસ !'** પરમાત્માનું ઐશ્વર્ય આપણને અદ્ભુતરસના દરિયામાં ઊંડે સુધી લઈ જાય છે.

✤ ✤ ✤ ✤

સં. ૧૮૫૮ની સાલ છે. શ્રાવણ વદ છઠ્ઠનો દિવસ છે. **લોજને આંગણે** પશ્ચિમદિશામાં વાવની ઉપર વડલા નીચે મૃગચર્મ પાથરી **મહાપ્રભુ**

શ્રી નીલકંઠ વર્ણી **ધ્યાનસ્થ** થયા છે.

સવારનો કૂણો કૂણો તડકો શ્રાવણના વાતાવરણમાં આહ્લાદક લાગતો હતો. પનિહારીઓ એ વાવમાં જળ ભરવા આવવા લાગી. વર્ણીને જોતાં જ ચિત્રમાં ચીતરી હોય તેમ સ્તબ્ધ થઈ ગઈ. કોઈના માથે જળ ભરેલું બેડું હતું, કાખમાં ગાગર હતી.. ક્યારે આ બાળાજોગી આંખો ખોલે ને પૂછીએ... એ મંશાથી (ઈચ્છાથી) ઊભી રહી, પરંતુ વર્ણીએ આંખો ન જ ખોલી. નીલકંઠ વર્ણીનું શરીર લોહી-માંસ વગરનું સાવ કૃશ હતું. એક એક હાડકું ગણી શકાતું હતું. માથે મંજુલ ચીકણા ભૂરા કેશ ચળકી રહ્યા છે. વિશાળ લલાટ પર બ્રહ્મચર્યની આત્મા ઝગમગે છે. બંધ પોપચે પણ નેત્રોની વિશાળતા પરખાય છે. નાસિકાના ટેરવે દૃષ્ટિ ઠેરવીને બેઠેલા આ નાનકડા કિશોરે સૌનાં મન આકર્ષી લીધા. એમની ચોપાસ જાણે નિર્મળી વર્તુળાતી હતી. પ્રગાઢ શાંતિના તરંગો વિસ્તરતા હતા. દૂબળી કાયામાં નખશિખ નાડીઓ પરખાતી હતી. જોનારની ઈન્દ્રિયો શાંત થઈ જાય, મનના ઘાટ શમી જાય, દેહભાન ભૂલાઈ જાય એવો ચમત્કાર આ બાળાજોગીએ હલન-ચલન વગર સ્થિર બેસીને સર્જી દીધો... ! જાણે કે **'અદ્‌ભુત રસ'**ના દોરમાં પનિહારીઓ અને પૂરવાસીઓ ઘેરાવા લાગ્યા...!!!

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની બાલ્યાવસ્થાથી જ સૌને **અદ્‌ભુતરસનું દર્શન** કરાવ્યું હતું. તેઓ જ્યારે માત્ર છ દિવસના જ હતા ત્યારે કૃત્યાને પોતાના અક્ષરધામની અધિકારી બનાવી દીધી હતી, કડવા ચીભડાને મીઠા કર્યા, આંગણે ઊભેલા આંબલીના વૃક્ષને તુલસીનો છોડ બનાવી દીધો, અનેક ચરિત્રો કરી છપૈયા-અયોધ્યાવાસીને અદ્‌ભુત રસ ઘૂટી ઘૂટીને પાયો હતો.

'ના હોય... ના હોય... **આ બાળક એ માનવના હોય...'**

માત્ર નવ વર્ષની નાની વયે કાશીના મોટા મોટા પંડિતોને જડબાતોડ જવાબ આપી, શાસ્ત્રાર્થમાં હરાવી વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન કર્યું ત્યારે બાળપ્રભુ શ્રી ઘનશ્યામના અદ્‌ભુત રસમાં ગરકાવ થઈ ગયેલા પંડિતો ઉપરોક્ત શબ્દો બોલી ઊઠ્યા હતા.

સ્વકૃત સૃષ્ટિમાં એમને મોહ નથી ! ને છતાં ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા અને અખિલ ભારતની ધરતીને પગતળે પાવન કરવા જેમણે કમર કશી છે એવા મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ લુપ્ત થયેલા તીર્થોને તીર્થત્વ દેતા દેતાં શ્રીપુર ગામની ભાગોળે વૃક્ષની ઘટાની નીચે આસન જમાવ્યું.

સામે રહેલા શિવમંદિરના મહંતને આ વર્ણીની સલૂણી મૂર્તિ કીકીમાં ઠરી ગઈ.

'નમો નારાયણ' કહી મહંતે જમવાનો આગ્રહ કર્યો. અને છેવટે મઠની અંદર રાત્રિ ગાળવા કહ્યું, પરંતુ નીલકંઠ બ્રહ્મચારીએ એનીયે ના પાડી.

મહંતે વિનીતભાવે કહ્યું : "બાળા બટુક ! અહીં રાતે હિંસક પ્રાણીઓનો ઘણો ડર છે."

"મહંતજી ! અમે વસતિમાં જતાં નથી તેમજ કોઈના ઘર કે મઠમાંય રહેતા નથી." મિતભાષી નીલકંઠ વર્ણી મીઠું મીઠું બોલ્યા.

મહંતને થયું : "અહોહો, છે નાજુકડો ને વૈરાગ્ય તો આભને અડી જાય એવો છે !" એમણે ફરી સમજાવવા માંડ્યું : "મઠમાં કશી ખોટ નથી. નારાયણની કૃપાથી નભે છે, મહેર છે માલિકની!"

"અમારેય કશી ખોટ નથી, ધરતીનું બિછાનું છે, ઉપર ગગનછત્ર છે.!"



"રાત્રે સાવજ આવીને કોળિયો કરી જશે, સમજ્યા ?" મહંતે બીક બતાવવા માંડી.

"મહંતજી ! જંગલમાં ઘણું ઘૂમ્યા ને ઘૂમીશું. દેહ રક્ષા હજુ નથી કરી અને કરશું પણ નહીં." વર્ણીજીના **અદ્‌ભુતરસ**માં મહંતજી અવાક્ બની ગયા.

"બહુ જ્ઞાની લાગો છો ?" મહંતજીએ કટાક્ષ કર્યો. બનતા પ્રયત્નો કર્યા પણ મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ મચક ન આપી. બાળહઠ કહી છે તે આનું નામ. તેમાં વળી જોગી ! જોગીહઠ કોણ મૂકાવે ! 'ભગવાન નરસિંહ એની રક્ષા કરે !' એમ નિઃસાસો નાખતાં મહંત મઠમાં પેસી ગયા.

નાના નાના બાળ સરીખડા ડુંગરા મા ધરતીના કલેજા પર માથા ઢાળી પોઢ્યા છે. અજવાળી ચૌદશનો ચાંદો ઊગીને ઉપર આવી ગયો. ગાંજો પી કરી ચલમ ખંખેરી મહંતે પથારી સંભાળી પણ હૈયું ધ્રૂજે છે. 'આ મુઠીક હાડકાંનો માળો મારા આંગણામાં જરૂર પિંખાઈ જવાનો' એવી ચિંતા એમને સાલતી રહી, એમની ઊંઘ હણાઈ ગઈ !

વર્ણીજી તો હજુ ધ્યાનમુદ્રામાં જ હતા. મહંત વારે વારે ઊભા થઈને બારણાની તિરાડમાં જોયા કરતા. કેટલાય ખેત-મજૂરો હિંસક પશુઓના કોળિયા થઈ ગયેલા એમની નજરે તરવરતા હતા. 'ફૂલ જેવો બટુક ચૂંથાઈ જશે'ના વલોપાતથી હૈયું કાંપવા લાગ્યું... ને એટલામાં જ એક મોટી ત્રાડ સંભળાઈ. મહંત અકળાવા માંડ્યા. એ ઊભા થયા. તાકી તાકીને જોવા લાગ્યા. ચાંદો માથે આવી રહ્યો હતો. એટલામાં તો લંફાક લંફાક ફલાંગે ઊછળતો સાવજ નજરે પડ્યો. એનું નિશાન બ્રહ્મચારી પર જ હતું. 'એ...હમણાં...' કહેતાં મહંત આંખો મીંચી ગયા. કેમકે - આવું કરુણ દૃશ્ય શે જોયું જાય ? ને એ જ વિચારમાં તીણી ચીસ નીકળી ગઈ ! ઘડી પછી એમણે આંખો ખોલી. પણ આ શું ? અદ્‌ભુત રસના દર્શન તો આજ અનેરા બન્યા. સિંહ તો મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણી પાસે બકરી જેવો થઈ બેસી ગયો છે ! અરે ! એમના ચરણ ચૂમે છે ! બ્રહ્મચારી હાથ ફેરવે છે. કેટલા નિર્ભય !!! અહોહો, આ કોઈ ઈશ્વરીય વિભૂતિ છે. મહંતે જોયા જ કર્યું. વર્ણીજીના તેજસ્વી મુખારવિંદ પર ચાંદની લીંપાઈ રહી હતી. જીવ અને શિવનું આ અનોખું મિલન ઝાડવાં જોઈ રહ્યાં હતાં ! એમના માટે આ નવું નહોતું. નવું તો મહંતને માટે હતું કે આ બાળાજોગીના અદ્‌ભુત રસના સાગરમાંથી બહાર નીકળવા એમના નેત્રો તૈયાર નહોતા, કે નહોતા તૈયાર પગ બારણા પાસેથી ખસવા !

જીવ જ્યારે પોતાની અહંતાભરી તાકાત અજમાવવા અધીરો બને ત્યારે તેનો દંભ, છળ-કપટ વગેરે **દોષ સમુદાય** ખુલ્લો પડે... અને પરમાત્મા જ્યારે અધીરા બને ત્યારે એમના સ્વરૂપમાંથી નીતરતી **'અદ્‌ભુતતા'** અસંખ્ય જીવોને પોતાના સ્વરૂપમાં ભિંજવી દે છે.

✤ ✤ ✤ ✤

**ભટ્ટવદરના પાદરમાં** ભગવાન શ્રીહરિએ કાઠીઓને કહ્યું : "કાઠીઓ કરો ઘોડા સાબદા,... આજે ખેલ ખેલીએ." કારણ કે કાઠીઓને ઘોડેસ્વારી ખૂબ ગમે. શ્રીજીમહારાજ આ સૂર્યપુત્રોને વશ કરવા માણકીને અનેક ચાલથી ચલાવતા, કુદાવતા, રમાડતાં ને વળી ક્યારેક ફૂલની જેમ ફેરવતા આભમાં ઊંચી ઊંચકી જતા.

"પણ પ્રભુ ! 'ભગવાનપણું' નહીં વાપરવાનું હો..."

"ઠીક... ઠીક... નહિ વાપરીએ ભગવાનપણું." શ્રીજીમહારાજે મલકાતાં મલકાતાં કહ્યું.

દરબારો ભગવાન શ્રીહરિના એ મંદહાસ્યનો મર્મ શે જાણે ! એક કાળુ વાવડીયાની રક્ષાને માટે ભગવાનપણું અજમાવવું પડશે !!!

"અશ્વો તો ખેલવીએ પણ મહારાજની માણકીની ભેળે



તો આપણાં ટારડાંનો ગજ શે વાગે ?'' સોમલાખાચરે વાસ્તવિકતા જણાવી.

શ્રીજીમહારાજે માણકીને તૈયાર કરી. બોકાની વાળી હડપ દઈ સવાર થયા. પ્રથમસરકને ચોકડાની બેઉં કડીમાં ભરાવી એકધારી રીતે ચલાવવા લાગ્યા. આમકરવાનું કારણ વારંવાર ચોકડું ડોંચવાની જરૂર ન પડે, ને તોપણ ઘોડી લગામમાં રહે. કુશળ કાઠીઓ આ **કરામત** સમજી ગયા. શ્રીજીમહારાજે ટૂંકી વાઘ અને મોટી વાઘની કરામત દર્શાવી. ટૂંકી વાઘ તાણી કે આભમાંથી તારો ખરે તેમ માણકી ગઈ. દોડતી ઘોડીએ સાબૂત રહેવા ભગવાન શ્રીહરિ માણકીની ડોક પર ચીપકી ગયા, એક થઈ ગયા!

વાગડદા.. થાગડદા... બાગડદા... કરતીકને આભમાંથી તારો ખરે એમ માણકી ઊડવા લાગી! ડુંગરાની ધાર પર પહોંચી; ને પહોંચી એવી ધરતીને બાથું ભરતી પાછી વળી. કાઠીઓને અડધે ડુંગરે સામી મળી ! બધાએ ઘોડા વીલે મોંઢે પાછાં વાળ્યાં ! સૂરજના તેજમાં તારલા ઝાંખા પડે તેમ કાઠીઓના ઘોડા માણકીની આગળ ઝાંખા થઈ ગયા હતા!!

દરબારો તો આફરીન (આશ્ચર્યવશ) જ થઈ ગયા. કહેવા માંડ્યા : ''અદ્‌ભુત... અદ્‌ભુત... માણકી તો બસ માણકી જ છે ! ધરતી કરતાં આભમાં વધુ ઊડે છે !''

જોનારના હૃદયના ધબકારો જાણે ચૂકી ગયા... દોડાવતી માણકીને પ્રભુએ પાછી વાળી; જાણે કે પોપચા ઉઘાડીને બંધ કર્યા હોય !!! વળતા ન તો દેખાણી માણકી કે ન તો દેખાણા મહારાજ. દેખાણો ફક્ત શ્રીજીમહારાજના અંગ પર ઝળહળતા આભૂષણોનો અનેરો પ્રકાશ...!!

નિશાન બનાવેલા નાગપાલ વરુને ભગવાન શ્રીહરિએ અદ્‌ભુતતાની ઝાંખી કરાવી. પૂરવેગથી ધસતી માણકીને મહારાજે એડીથી દબાવી અને વડલાની ડાળી ઝાલી શ્રીજીપ્રભુ માણકી સહિત ઝૂલી રહ્યા...!!!

મહાપ્રભુને શું છપૈયાનું ભાગોળ સાંભરી આવ્યું હશે ? કે માતા ભક્તિદેવીના હીરની દોરીથી નંખાયેલા હિંચકા ?

જોનારની આંખોએ ભગવાન શ્રી સ્વામિનારાયણની **અદ્‌ભુતતા**ને હૃદયમાં કોતરી લીધી. અને **નાગપાલ વરુ** ભગવાન શ્રીહરિના **અદ્‌ભુતરસ**માં નીતરી રહ્યા છે.

ધન્ય હજો પ્રભુ તને.... અને તે શોભાવેલા **અદ્‌ભુતરસ**ને...

**અનુસંધાન પેજ ૩૦નું ચાલું...**

શાંતરસ ઝરતો હતો.

બિચારા કાઠીઓ શું કરે ? એમણે પણ શ્રીજીમહારાજની સાથે શાંતરસનું પાન કર્યું.

તેથી જ કહ્યું છે :- 'यत्र न सुखं न दुखं, न द्वेषो नापि मत्सरः।'

❖ ❖ ❖ ❖

જંગલનો રાજા જેમસિંહ છે તેમ **સિંહ સરખો રસનો રાજા** શાંતરસ છે. નવાઈ લાગશે વાંચતા કે **શાંતરસ** એ સિંહ જેવો છે. ખરું કહેવાયને ? સિંહ એ પોતાને આશરે આવેલાને નથી મારતો એમ શાંતરસ એ **દુશ્મન પર પણ દયા પ્રગટાવે** છે. શાંતરસ એ **માનવતાની ગોદમાં ઉછરેલો રસ** છે.

''લલ્લુ ભૈયા બતીયાં લગાકર લાલ ઝંડી લહેરા દો, ગાડી આને કા સમય હો ગયા હૈ.'' રેલ્વે સ્ટેશનના માસ્તરે લાલુભાઈને બુમ મારીને કહ્યું.

ગાડી આ રહી હૈ... ગાડી આ રહી હૈ...ના અવાજોનું વાવાઝોડું પ્લેટફોર્મ પર છવાઈ ગયું. ગાડી અહીં એક કલાક ઊભી રહેશે એવી જાહેરાત સંભળાતા યાત્રાળુઓ અકળાયેલા વાંદરાની જેમ ટપોટપ નીચે ઉતરવા લાગ્યા.

મુસાફરો પ્લેટફોર્મ પર લટાર મારવા નીકળી પડ્યા. એ વખતે એક યુવાનની નજર પડી પોતાના જાણીતા દુશ્મન (?) પર. નીચું જોઈ એ આગળ વધ્યો. અને બીજી ક્ષણે બારણા પાસેનું વાતાવરણ અશાંતિથી હણાઈ ગયું ! યુવાને નજર કરી તો પોતાના દુશ્મન (?)ની જ આંગળી પર ટ્રેનની બારી પડી અને આંગળી કચરાતા લોહી વહી રહ્યું છે. હવે શું થશે ? એ વાત વાતાવરણમાં વ્યાપી ગઈ.

યુવાન દોડતો દોડતો ગયો. પોતાની માટે રાખેલી દવા લઈ આવ્યો. સારવાર કરી અને પીડાથી રાહત કરી આપી.

ક્યાં ગઈ એની દુશ્મનાવટ (?) ?... એ તો દુશ્મન હતો તોપણ એની પ્રત્યે કરુણા ?

ઉદ્વેગ કે અભાવનું સ્થાન શાંતરસે છીનવી લીધું તો માનવતાએ તેની **મહાનતાની સાક્ષી** પૂરી.

તમે કોને **ધન્યવાદ** આપશો ?

દુશ્મનાવટ ધરાવતા યુવાનને ? કે પછી

માનવતાનું સિંચન કરતાં શાંતરસને ?

ભગવાન શ્રી સ્વામિનારાયણના એ **શાંતરસ**ને અવલંબને કરી અનંત બ્રહ્માંડોની સ્થિતિ યથાવત રહી છે. ભગવાન શ્રીહરિના સાંનિધ્યથી પ્રકૃતિ અને માનવના હૃદયમાં **શાંતિની લહેરો** ઊઠી આવતી. શ્રીજીમહારાજના સ્વરૂપમાં નરી દિવ્યતા જ હતી. તેઓના દર્શનથી અંતરના વિકારો ટળી જતા, મનની મલિનતાઓ ખરી પડતી, અરે ! મહારાજની ચાખડીના ચટકે, પ્રાસાદિક ફૂલના સ્પર્શે, રૂમાલ કે પાઘના દર્શને હૃદયમાં **શાંતિનો અનુભવ** થતો.

આપણે પણ શ્રીજીમહારાજના આ **શાંતરસ**ને વાંચી અને શાંતિનો અનુભવ કરીએ.

# ૯. શાંત રસ

- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



'यत्र न सुखं न दुखं, न द्वेषो नापि मत्सरः । समः सर्वेषु भूतेषु स शांतः प्रथितो रसः ।।'

'અર્થાત્ જેમાં સુખ નથી હોતું કે નથી હોતું દુઃખ, નથી હોતો દ્વેષ કે નથી હોતો મત્સર, એવો સમભાવવાળો **શાંતરસ** સર્વે ભૂતોમાં પ્રસિદ્ધ છે.'

જ્યારે મનુષ્ય લૌકિક તરફથી પારલૌકિક તરફ જુએ છે ત્યારે સ્વભાવનો ત્યાગ કરી સમભાવવાળો બને છે. સંકુચિતતાને તોડી વિશાળતા પ્રાપ્ત કરે છે ત્યારે તેનામાં **શાંત રસ** નિષ્પન્ન થાય છે. અને શાંત રસનું **ઉદ્‌ભવ સ્થાન** છે ભગવાન અને ભગવાનના ભક્તજનો.

ચરોતર ધરતી માથે શેલારો દેતા નદીના નીર વાંકા-ચૂંકા વળ ખાતાં વહી રહ્યા છે. બંને કાંઠે લીલાછમ ઝાડવાં ઝુમે છે. ટેકરાળા પટમાં સપાટ વેકરો સૂર્યના તેજમાં રૂપેરી જાજમ બિછાવી હોય તેવો ચળકાટ કરી રહ્યો છે. ચૌટા પર લોકો સવારી નીરખવા ટોળે વળ્યા છે. કાઠી દરબારોની રાંગમાં કાઠિયાવાડ-પંચાળાના ઘોડા-ઘોડીયું ઠમકી રહ્યા છે. બોકાની વાળેલા એ નરબંકા કાઠીઓ મહારાજની સાથે પડછાયો બની ફરે છે. આ બધામાં શ્રીજીમહારાજ માણકીને નચાવતા જુદા જ તરી આવે છે.

**આણંદની શેરીઓ** સાંકડી પડવા લાગી. સૂરજદાદા અને ચાંદામામાની લડાઈ ચાલતી હોય એવો સમય છે. સંતો કીર્તન-ભક્તિના સંગીતમય સૂરોથી વાતાવરણને **આહ્‌લાદક** બનાવી રહ્યા છે. મુમુક્ષુજનો ભગવાન શ્રીહરિને સોનારૂપાના પુષ્પો, અબીલ-ગુલાલ અને અક્ષતથી વધાવી શ્રીજીમહારાજનો **અભિષેક** કરી રહ્યા છે.



પણ... આ શું થયું ? પકવાનના થાળમાં કાંકરા ?

સત્સંગના દ્વેષીઓએ દ્વેષથી કકળીને ભગવાન શ્રીહરિ માથે કાંકરા, કાદવ અને અપશબ્દોની વર્ષા વરસાવી. શ્રીજીમહારાજે અપમાનને સહન કરવાં શાંતરસને ગ્રહણ કર્યો.

મારવાડી રાજપૂત ભગુજીએ મ્યાનમાંથી તલવાર ખેંચી, જોબન અને તખા પગીએ ભાથામાંથી તીર ખેંચી કમાન ઉપર ચડાવવા લાગ્યા. દાદાખાચરે હાથમાંથી બરછીને આંગળીઓમાં ઊંચી કરી ચકરાવે ચડાવી, ભડવીર સુરાખાચરે પોતાને ખંભે રાખેલો બેધારી ખડગને મ્યાનમાંથી ખેંચી ઘા કરવા તૈયારી કરી, ઠાકોર ઝીણાભાઈએ ભેટમાંથી કટારી ખેંચી ચકરડીએ ચડવી, જોરાજીએ ભાલું તોળી નિશાન તાક્યું, ભીમભક્તે જોટાળી બંદૂકમાં દારુગોળી ભરાવી તૈયાર કરી અને બેચરજી ચાવડાએ હાથમાં ઢાલ-તલવાર લઈને કરડી નજર કરી. આ બધું ભગવાન શ્રીહરિ આગળ ચાલતા જોઈ રહ્યા છે.

જાણે દ્વેષીઓના માથે કાળની ડફ વાગવા લાગી, હવે એ હથિયાર કેટલોક ઈન્તજાર સહે... કાળની થપાટ પડી... કે પડશે ? ઘડી-પળ ગણાવા લાગી... એક... બે.... અને...

"ખબડદાર ! કોઈએ શસ્ત્રનો ઘાવ કર્યો છે તો....! ઘા કરનારો વચનદ્રોહી અને ગુરુદ્રોહી ઠરશે..." શ્રીજીમહારાજના અવાજમાં


અનુસંધાન પેજ - ૨૯ પર...

પરોપકારી પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશની માફક સ્વાશ્રિતોના સદ્ધર્મ
અને યોગક્ષેમનું રક્ષણ કરતા પ.પૂ. ગુરુવર્ય ધ.ધુ. ૧૦૦૮
શ્રી ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને
ગુરુપૂર્ણિમા (તા.૭-૭-૨૦૦૯) પ્રસંગે અભિવંદના...

# પંચ તત્ત્વ પોષે છે જેમ જક્તને, ગુરુ પોષે છે તેમ હરિભક્તને...

- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સકળ જગત્ગુરુ રૂપ, વિચરે હરિ ધારીને;
જનક નૃગપુષ્પનાં જે, મનડાં લે હરિને;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૧

**પૃથ્વી** તણાં પાલવમાં, શૈશવ માણ્યાં અમે;
સુખ આપ્યાં સર્વને, સદા દુઃખ સહીને તમે;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૨

**પ્રેમજળ**નાં અમીઘુંટડા, પીધા મન ભરીને;
શીતળ કીધા સર્વને, ત્રિવિધ તાપ હરીને;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૩

**તેજોરશ્મિ**થી બ્રહ્મની, તારલા દિપ્યા અમે;
ભેદી તિમિર માયિકને, પ્રકાશ અર્પ્યા તમે;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૪

**વાયુ**તણાં દિવ્ય સ્પર્શથી, બન્યા સુખમય અમે;
આશિષ વહાવ્યા સર્વદા, વિચરી સ્વાશ્રિત ભોમે;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૫

**ચિદાકાશ** બ્રહ્મમહોલનાં, વિહરતા પક્ષી અમે;
ભેદી બંધ માયા તણાં, સ્વતંત્રતા બક્ષી તમે;
એજ શ્રી અજહરીન્દ્ર, વંદુ મુદા ગુરુને...૦૬



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

## નૂતન નવલા પ્રકાશનો... આજે જ આપ માણો...

# પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ ⑦ પરિભ્રમણ ની વિડીયો ડી.વી.ડી... ભાગ ૧ થી ૧૩



## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૧ DVD

પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય સાંનિધ્યમાં તા. ૨૩ થી ૨૯ ફેબ્રુઆરી - ૨૦૦૮ સુધી **ખસ** (તા.રાણપુર)ને આંગણે **'રજત રજતિ મહોત્સવ'**, તા. ૭ થી ૧૩ જૂન - ૨૦૦૮ સુધી **ડોંબીવલી** (મુંબઈ)ને આંગણે **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** તેમજ તા. ૨૬ ઓક્ટોમ્બર થી ૯ નવેમ્બર સુધી **સરધારધામને** યોજાયેલ તેરમી **'સત્સંગ છાવણી'**ને આ વિડિયો સીડી દ્વારા માણીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૨ DVD

તા.૭ થી ૧૩ નવેમ્બર - ૨૦૦૮ સુધી **કેરાળા** (તા. સાવરકુંડલા)ને આંગણે યોજાયેલ મંદિરના **'પંચ દશાબ્દિ મહોત્સવ'** તેમજ તા. ૨૯ થી ૫ ડીસેમ્બર - ૨૦૦૮ સુધી **ચણાકા** (જી. જૂનાગઢ)ને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વા. મંદિરના **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી વગેરે કાર્યક્રમોની વિડિયો સી.ડી. માણીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૩ DVD

તા.૧૪ થી ૨૨ ડીસેમ્બર - ૨૦૦૮ સુધી **ભાવનગર** શહેરને આંગણે યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રીઆચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે ૨૦૮ કરોડ મંત્રલેખનનો શુભારંભ **વડતાલ** ખાતે તા. ૨૩-૧૨-૦૮ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં કરવામાં આવ્યો હતો તેની સ્મૃતિઆ ડી.વી.ડીના માધ્યમથી અંતરે ઝીલીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૪ DVD

આજથી ૧૭૫ વર્ષ પૂર્વે નવાબી રાજ્યમાં જૂનાગઢ શહેરના રાજમાર્ગો પર નવગજા હાથી પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણનું જે દબદબાપૂર્વક બહુમાન કરીને શાનદાર શોભયાત્રા કાઢવામાં આવી હતી તેની પુનઃ ઝાંખી કરાવતી અવર્ણીય શોભાયાત્રા તા.૩૧ ડીસેમ્બર થી ૮ જાન્યુઆરી - ૨૦૦૯ સુધી સોરઠ પ્રદેશના **જૂનાગઢ** શહેરને આંગણે યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** અંતર્ગત ભગવાન શ્રીહરિના નવમાં વંશજ પ. પૂ. લાલજી મહારાજશ્રીની કાઢવામાં આવી હતી તેની ઝણક આ ડી.વી.ડી.ના માધ્યમથી માણીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૫ DVD

તા. ૧૧-૧-૦૯ના રોજ નૂતન **'શ્રી ભક્ત ભોજનાલય'**નું ઉદ્‌ઘાટન - **સરધાર**, તા. ૧૮ જાન્યુઆરી-૨૦૦૯ના રોજ **કથા પારાયણ - તોરી**, તા. ૨૫-૧-૨૦૦૯ના રોજ યોજાયેલ **દિવ્ય શાકોત્સવ - આણંદ** તેમજ તા. ૨૯-૧-૨૦૦૯ના રોજ **વસઈ** (મુંબઈ)ને આંગણે યોજાયેલ **'ભવ્ય શાકોત્સવ'**માં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની નવગજા હાથી પર ભવ્ય શોભાયાત્રા, અમૃતવાણી આદિક પ્રસંગોને આ વિડિયો





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૬ DVD

પ.પૂ. લાલજી મહારાજશ્રીની પાવન નિશ્રામાં તા. ૩૧-૧-૨૦૦૯ના રોજ **પીયાવા** ગામને આંગણે યોજાયેલ **'ભવ્ય શાકોત્સવ'**, તા. ૭-૨-૨૦૦૯ના રોજ **સાવરકુંડલા**ને આંગણે યોજાયેલ **'કથા-પારાયણ'** તેમજ **ઉતરાજ** ગામને આંગણે તા. ૨ થી ૮ ફેબ્રુઆરી સુધી યોજાયેલ **'પંચાબ્દિ મહોત્સવ'** પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી વગેરે કાર્યક્રમોની આશેરી ઝલકને



# નૂતન નવલા પ્રકાશનો... આજે જ આપ માણો...



## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૭ DVD

કુરાલ (જી. વડોદરા)ગામને આંગણે તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી - ૨૦૦૯ સુધી યોજાયેલ નૂતન મંદિરના **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે તેમજ તા. ૧ થી ૭ માર્ચ - ૨૦૦૯ સુધી **નવસારી**ને આંગણે યોજાયેલ મંદિરના **'દશાબ્દિ મહોત્સવ'** પ્રસંગે તેમજ **ગઢપુર**ને આંગણે યોજાયેલ **'કથાપારાયણ'** પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી વગેરે કાર્યક્રમોને ચાલો





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૮ DVD

વ્હાલા ભક્તજનો ! **તા. ૧૫-૩-૨૦૦૮, ફાગણ વદ - ૫** (રંગપંચમી)ના રોજ પૂર્વસંધ્યાએ **સરંભડા**(તા.ગારીયાધાર, જી. ભાવનગર)ને આંગણે યોજાયેલ **પ.પૂ ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો અદ્‌ભુત અને ભવ્ય **'૩૯મો જન્મજયંતી મહોત્સવ તથા રંગોત્સવ'**ની સ્મૃતિ અને દર્શનને ચિરકાળ પર્યંત યાદ કરાવતી વિડિયો સી.ડી.થી પ્રત્યક્ષ અનુભૂતની ઝલક માણીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૯ DVD

તા. ૧૭ થી ૧૫ માર્ચ - ૨૦૦૯ સુધી **ભૂપગઢ**ને આંગણે યોજાયેલ મંદિરના **'૨૧મા વાર્ષિત પાટોત્સવ'** પ્રસંગે તેમજ જૂની **હળિયાદ**ને આંગણે તા. ૨૭ માર્ચ થી ૪ એપ્રિલ -૨૦૦૯ સુધી **'કથાપારાયણ'** પ્રસંગે તેમજ તા. ૩-૩-૨૦૦૯ના રોજ યોજાયેલ **કારિયાણી**ને આંગણે મંદિરમાં બિરાજમાન દેવોના **'૩૧મા વાર્ષિક પાટોત્સવ'** પ્રસંગે તેમજ **તુરખા**ને આંગણે યોજાયેલ નૂતન મંદિરના **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** પ્રસંગે પધારેલ **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ની ભવ્ય શોભાયાત્રા,





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૧૦ DVD

**પ.પૂ. લાલજી મહારાજશ્રી**ની દિવ્ય સંન્નિધિમાં **નાના માચીયાળા**ને આંગણે તા. ૧૯ થી ૨૪-૪-૦૯ સુધી યોજાયેલ મંદિરના **'દશાબ્દિ મહોત્સવ'** તેમજ **માળિયા હાટિના**ને આંગણે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે તેમજ **ઘોરા** ગામને આંગણે તા. ૨૯ થી ૨-૫-૦૯ સુધી યોજાયેલ નવનિર્મિત મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**ને આપણે આ વિડિયો સી.ડી.ના માધ્યમથી ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી અને મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ વગેરે કાર્યક્રમોને હૃદસ્થ કરીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૧૧ DVD

**સુરત શહેર**ને આંગણે તા. ૩ થી ૯ મે ૨૦૦૯ સુધી યોજાયેલ **શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગર**ના **'આઠમા વાર્ષિક પાટોત્સવ'** પ્રસંગે પધારેલ **પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ની **નવગજા હાથી** પર વિશાળ હરિભક્ત જનસમુદાય સાથે ભવ્ય





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૧૨ DVD

તા. ૧૧ થી ૧૯-૫-૦૯ સુધી **બોરિવલી**ને આંગણે યોજાયેલ તૃતીય **'શ્રી સ્વા. મહોત્સવ'** તેમજ **સરધાર**ને આંગણે તા. ૨૧ થી ૨૪-૫-૦૯ સુધી યોજાયેલ પાંચમો **'શ્રી સ્વા. બાળ-યુવા મહોત્સવ'** તેમજ **ડોંબીવલી**ને આંગણે તા. ૨૭ થી ૨૪-૫-૦૯ સુધી યોજાયેલ મંદિરના **'પંચાબ્દિ મહોત્સવ'**માં પધારેલ **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ની ભવ્ય શોભાયાત્રા, દિવ્ય અમૃતવાણી વગેરે કાર્યક્રમોને આ વિડિયો સી.ડી.ના માધ્યમથી માણીએ...





## સત્સંગ પરિભ્રમણ ભાગ - ૧૩ DVD

**માવા ડુંગર**(તા. મહુવા)ને આંગણે યોજાયેલ કથા-પારાયણ પ્રસંગે તા. ૪-૪-૨૦૦૯ના રોજ પધારેલ તેમજ **સલડી**માં તા. ૨૯ થી ૨-૫-૦૯ સુધી ઉજવાયેલ નૂતન મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** તેમજ **રામપરા** (જી. અમરેલી)ને આંગણે તા. ૧ થી ૭-૬-૦૯ સુધી ઉજવાયેલ નવનિર્મિત મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**માં પધારેલ **પ.પૂ. લાલજી મહારાજશ્રી** ભવ્ય શોભાયાત્રા અને દિવ્ય અમૃતવાણી અને મૂર્તિ



પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત છઠ્ઠી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા-૨૦૦૯ હાઉસફુલ



શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ભારત દેશના મુખ્ય તીર્થસ્થાન ગણાતા એવા રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રિનાથ અને દ્વારિકા આદિક પવિત્ર ચારધામોની છઠ્ઠી 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'નું તા. ૧ થી ૩૦-૦૮-૦૯ સુધી આયોજન કરવામાં આવેલું છે. આ ટ્રેનયાત્રામાં **૧૨૦૦ સીટ** યાત્રિકોનો સમાવેશ કરવામાં આવે છે, **પરંતુ ટ્રેન હાઉસફુલ થઈ હોવાથી હવે સીટો ડીપોઝીટ સાથે બુકિંગ કરવામાં આવશે નહિ, કેવળ વેઈટીંગ બુકિંગ લેવામાં આવશે. જેની દરેક ભક્તજનોએ નોંધ લેવી.**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ

# નૂતન મંદિર - જીવાપર તથા રાયડીનો ભવ્ય ખાતમુહૂર્તવિધિ મહોત્સવ

સર્વોપરી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી રાધારમણ દેવ દેશના ખાંભા તાલુકાના ગામજીવાપર તથા રાયડીને આંગણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોનો **'ખાતમુહૂર્તવિધિ મહોત્સવ' તા. ૧૫-૬-૨૦૦૯ જેઠ વદ - ૭**ના રોજ રાખવામાં આવ્યો હતો. તેમાં પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. સ.ગુ. **સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**ના વરદ્ હસ્તે ખાતપૂજનવિધિ કરીને બંને મંદિરનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ મંદિરોમાં સેવાનો લાભ ઈચ્છતા ભક્તોએ 'શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર'નો સંપર્ક કરવા વિનંતી છે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પધારો સરધાર... દિપાવલીના શુભ અવસર ઉપર ધનતેરશથી આઠમ સુધી... ચાલો સરધાર..

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે ભવ્ય ચૌદમી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી



**પ્રયોજક** :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વડતાલ (હાલ - સરધાર)

**પ્રારંભ** :- તા. ૧૬-૧૦-૦૯ આસો વદ -૧૩

**પૂર્ણાહુતિ** :- તા. ૨૬-૧૦-૦૯ કારતક સુદ - ૮

**સ્થળ** :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

## દરેક ઘરની દિવાલોને શોભાવે તેવું નૂતન વર્ષનું તિથિ-તારીખ કેલેન્ડરનું પ્રકાશન...



ફક્ત રૂા. 3/-

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા બહુરંગી પૃષ્ઠો સાથે પવિત્ર તહેવારો, જાહેર રજાઓ, તિથિઓ, વિવિધ મુહૂર્તો તેમજ પંચાગની માહિતી આપતું આકર્ષક, વડતાલ વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ નયનરમ્ય મૂર્તિ સહિત વડતાલ, ધોલેરા, જૂનાગઢ, ગઢડાના આરાધ્ય દેવો સાથે તિથિ-તારીખનું કેલેન્ડર દરેક ભાવિક ભક્તજનોને સહેજે આનો લાભ મળે તેવા શુભ હેતુથી ખાસ ડીસ્કાઉન્ટ સાથે છપાઈ રહ્યું છે. જેની દરેક ભક્તોએ નોંધ લેવી.

**નોંધ** :- જેમને ધંધા કે ઓફિસ, કંપની, ફેકટરી યા તો દુકાનની જાહેરાત માટે છપાવવા હોય તેમને રૂા. ૪/-માં ઓછામાં ૫૦૦ નંગ સાથે જાહેરાત છપાવીને આપવામાં આવશે.

**સંપર્ક** :- **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩. **શ્રીજી આર્ટ - અમદાવાદ.** ફો.નં. ૦૭૯ - ૨૬૫૮૦૯૧૬ **શ્રી રઘુવીર વાડી - વડતાલ.** ફો.નં. ૯૮૨૫૧૩૪૧૦૮. **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર (સુરત).** મો. ૯૮૭૯૭૫૮૫૧૩. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી (મુંબઈ)** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫.

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# અભયદાન સત્સંગ સભા

**:: રાજકોટ ::** તા. ૨૫-૦૭-૦૯, શનિવાર **સમય** :- રાત્રે ૯ થી ૧૧

**:: સરધાર ::** તા. ૦૨-૦૮-૨૦૦૯, રવિવાર **સમય** :- સવારે ૯ થી ૧




## શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રી ગુરુપૂર્ણિમા પર્વ - ૨૦૦૯

૧-૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરતા તેમજ ભાવથી ભેટતા પૂ. સ્વામી. ૩. પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળાથી પૂજન કરતા પૂ. સ્વામી. - પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભાવપૂર્વક ભેટતા ૪. પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર. ૫. પૂ. કોઠારી સ્વામી - ગઢપુર. ૬. પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી - બગસરા. ૭. પૂ. શ્રીહરિદાસજી સ્વામી - વરજાંગ જાળિયા. ૮-૯. જૂનાગઢ નિવાસી પૂ. પ્રેમવતીનંદ સ્વામી, પૂ. રામસ્વામી, પૂ. પ્રેમજીવન સ્વામી, પૂ. પુરુષોત્તમસ્વામી વગેરે. ૧૦. પૂ. તદ્રપ સ્વામી - વડતાલ, પૂ. વિવેક સ્વામી - બગસરા વગેરે. ૧૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન શ્રી વિઠ્ઠલબાપા (જુના સાવર) તથા તેમનો પરિવાર. ૧૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન શ્રી શિવજીભાઈ પટેલ (આમોદ) તથા તેમનો પરિવાર.



## શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શ્રી ગુરુપૂર્ણિમા પર્વ - ૨૦૦૯

૧. ધર્મકુળ આચાર્ય પરંપરા દ્વારા રચિત કીર્તનોની 'પુષ્પાજંલી' ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સાથે હાઈકોર્ટ એડવોકેટ શ્રી માગુંકિયા સાહેબ. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૩૬મા વર્ષમાં અલગ અલગ ૩૬ ફોટા સાથે કાઠિયાવાડી પહેવેશ ફોટાનું વિમોચન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પૂ. વડિલ સંતો. ૩. શ્રી ગઢપુર ટેમ્પલ બોર્ડ દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીને નવી ગાડીની ચાવી અર્પણ કરતા ટ્રસ્ટીશ્રીઓ. ૪. ઓનલાઈન મહામંત્ર લેખન વેબસાઈટનું લોચિંગ કરતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સત્સંગ પરિભ્રમણ ભાગ - ૭, ૯, ૧૦, ૧૧, ૧૨ ડી.વી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતા તથા રાજકીય મહાનુભાવો. ૬. પટેલ અત્તરવાળા દ્વારા પ્રસ્તુત મોગરાના ફૂલ વી.સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા સાથે શિવલાલ પટેલ. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ. ૮-૯. ભક્તજનોને આશીર્વાદ આપતા બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. ગુરુપૂર્ણિમા પર્વમાં ઉપસ્થિત ધામોધામપૂ. સંતો. ૧૧. ચરણસમીપ પૂજનનો લાભ લેતા ગુરુઋણમાંથી મુક્ત થવા દેશ-વિદેશ પધારેલ ભક્ત સમુદાય.